Thursday 26, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## કપરાડા તાલુકાની મહિલા દૂધ ઉત્પાદક મંડળીની સભાસદોની આજીવિકા છીનવી લેવાનો પ્રયાસ !

### દૂધ મંડળીઓના પ્રતિનિધિઓએ કલેકટરને રજૂઆત કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૨૫ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ દૂધ મંડળીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા સભાસદો ભેગા મળી વલસાડ જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપી, ગરીબ અને આદિવાસી મહિલા મંડળીઓને ગેરમાર્ગે દોરી તેમની આજીવિકાનું સાધન છીનવી લેવા માટેના ભિન્ન પ્રયત્ન થઈ પ્રયત્નોને કડક શબ્દોમાં વખોડી કાઢ્યા હતાં.

કપરાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સંચાલિત દૂધ મંડળીના પ્રમુખ, ઉપ પ્રમુખ, મંત્રી તથા સભાસદોની એક મીટીંગ તા. ૨૧.૯.૨૪ના રોજ યોજાઈ હતી. જેમાં ૨૮ જેટલી મંડળીના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં અને સર્વાનુંમતે જણાવ્યું કે મંડળીના અંગે ગરીબ આદિવાસી મહિલાઓને ગેરમાર્ગે દોરી તેમની આજીવિકાનું સાધન છીનવી લેવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. વસુધારા ડેરીનું કાર્યક્ષેત્ર નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લો છે આ ત્રણેય જિલ્લાની તમામ દૂધ મંડળીઓ વસુધારા ડેરી આલીપોર સાથે જોડાયેલી છે અને આ ગરીબ છેવાડાના આદિવાસી બેહનો પશુપાલનના વ્યવસાય થકી પોતાના પરિવારનું ભરણપોષણ કરી રહેલ છે અને એમના માટે દૂધનો વ્યવસાય આશીર્વાદ સમાન છે. દૂધ મંડળીનું સંચાલન મહિલાઓ દ્વારા જ કરવામાં આવતું હોય છે અને દૂધ ઉત્પાદન થકી આર્થિક રીતે મહિલાઓ પગભર થઈ રહી છે. દૂધ મંડળીના વિકાસ માટે અધ્યતન સુવિધાવાળું દૂધઘર હોવું અનિવાર્ય છે. દૂધઘર બનાવવા માટે દૂધ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોઓ, આંતરિક ઓડિટરઓ તથા ગામના વ્યક્તિઓની મીટીંગ રાખી મકાન બનાવવા માટેની જગ્યાની પસંદગી કરી તે જગ્યા વેચાણથી ખરીદવા તથા ૯૯ વર્ષના ભાડા પટ્ટાથી મેળવવા માટેની સરકારમાં કાર્યવાહી કરી તે અંગેના ઠરાવો કર્યા પછી બાંધકામ સમિતિની રચના કરી આ સમિતિ દ્વારા દૂધઘર બાંધવા જરૂરી મંજૂરી ગ્રામ પંચાયતમાં, સરકારી કચેરીઓમાં તેમજ જિલ્લા રજીસ્ટાર કચેરીમાંથી મેળવવામાં આવે છે અને સંસ્થા વસુધારા ડેરીમાં નાણાકીય સહાય મેળવવા માટે જરૂરી ઠરાવો કર્યા પછી જ દૂધ મંડળીના પેટા કાયદાની જોગવાઈઓને આધીન ટેન્ડરો મંગાવી ટેન્ડર પ્રક્રિયા દ્વારા જ દૂધઘર બનાવવા માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવતી હોય છે. મકાન બાંધવામાં થયેલ ખર્ચના તમામ હિસાબો મંત્રી તૈયાર કરી હિસાબી દફતરો સાથે દર માસની વ્યવસ્થાપક સમિતિની મિટિંગમાં રજૂ કરે છે. આ હિસાબો વ્યવસ્થાપક સમિતિની સભ્યઓ આંતરિક ઓડિટરઓ તથા બાંધકામ સમિતિની સભ્યઓની રૂબરૂમાં વંચાણે લઈ મંજૂર કરવામાં આવે છે. ત્યારબાદ દર વર્ષે તમામ હિસાબી દફતરોનું સરકારના ઓડિટર દ્વારા વૈધાતિક ઓડિટ કરવામાં આવતું હોય છે જેથી ભ્રષ્ટાચાર થવાની કોઈ શક્યતાઓ રહેતી નથી એમ કલેકટરને સોંપાયેલી રજૂઆતમાં જણાવાયું હતું.



## વલસાડમાં આડેધડ પાર્ક ૩૦ બાઈકો ડિટેઈન કરાતાં ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૨૫ :** વલસાડ શહેરના રામવાડીમાં આવેલી રજવાડી રેડીમેન્ટ સ્ટોરના પાર્કિંગ બહાર જાહેર રસ્તા પર રજવાડી રેડીમેડ સ્ટોરના સ્ટાફ તેમજ અન્ય લોકો આડેધડ વાહનો પાર્કિંગ કરવા અંગેની રહીશોએ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદ આધારે આજરોજ વલસાડ સીટી પીઆઈ તેમજ તેમની ટીમ સાથે વલસાડ શહેરના આઝાદ ચોક રામવાડી, હાજી માર્કેટ સહિત વિસ્તારમાંથી ૩૦થી વધુ બાઈકો ડિટેઈન કરતાં આડેધડ પાર્કિંગ કરનારા વાહનચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે દુકાન બહાર દુકાનોનો સામાન બેનર પાટીયા મુકનારાઓ દુકાન સંચાલકોને ચેતવણી આપી હતી.

વલસાડ શહેરમાં કેટલાક વર્ષોથી પાર્કિંગની રામાયણ જોવા મળતી હતી. જોકે વલસાડ શહેરના એમ.જી. રોડ, ખત્રીવાડ રામવાડી, હાજી માર્કેટ ટાવર સહિતના વિસ્તારોમાં આવેલી દુકાનો બહાર દુકાનદાર વેપારીઓ દ્વારા પોતાની દુકાનની ચીજ વસ્તુઓ, બેનર, પાટીયાઓ લગાવી દેતા દુકાનમાં આવનાર ગ્રાહક પોતાના વાહનો રસ્તા પર મૂકી દેતા હોય છે. જેના કારણે અન્ય વાહનોને અવર-જવર કરવામાં તેમજ પાર્કિંગ કરવા માટે ભારે તકલીફો વેઠવી પડતી હોય છે. જોકે રામવાડીમાં આવેલા રજવાડી રેડીમેડ સ્ટોરના પાર્કિંગ બહારની ગેટ પર રજવાડી શોરૂમના સ્ટાફ તેમજ અન્ય લોકો આડેધડ પાર્કિંગ કરતા રામવાડી વિસ્તારના રહીશોના વાહનો બહાર કાઢવામાં ભારે તકલીફો પડતી હોવા અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે આજરોજ વલસાડ સીટી પોલીસ મથકના પીઆઈડીડી પરમાર તેમજ વલસાડ શહેર ટ્રાફિક પોલીસની સાથે વલસાડ શહેરના આઝાદ ચોક, હાજી માર્કેટ, રામવાડી વિસ્તારમાં પાલિકા દ્વારા પાડવામાં આવેલા પટ્ટાની બહાર મૂકવામાં આવેલી બાઈકો મોપેડ આશરે ૩૦થી વધુ વાહનો ડીટેઈન કર્યા હતાં. ડિટેઈન કરેલા વાહનોને ટ્રેક્ટર અને ટેમ્પામાં ભરી વલસાડ સીટી પોલીસ મથકે લઈ જય કાયદેસરની કાર્યવાહી કરતા અન્ય મોપેડ બાઈક ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## વાપીના નાયકવાડમાં પોણા ત્રણ કિલો ગાંજા સાથે મહિલા ઝડપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૨૫ :** વાપીના નાયકાવાડમાંથી પોણા ત્રણ કિલોના ગેરકાયદેસર ગાંજા સાથે એક મહિલાની વલસાડ લ્બ્ભ ની ટીમે ઝડપી પાડતા વાપી પંથકમાં નશાબાજો તેમજ ગાંજા અને અફીણ ચરસનો ધંધો કરનારાઓમાં ભારે ફફડાટ ફેલાયેલો જોવા મળી રહ્યો છે

વાપી ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ના નાયક વાડ થી ૨.૭૫૦ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે એક મહિલા ને ઝડપી પાડવામાં આવી છે. તેની પાસેથી રૂપિયા ૨૭,૫૦૦ના આ ગેરકાયદેસર ગાંજા સહિત કુલ ૩૮ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયેલ મહિલા સામે વલસાડ લ્બ્ભ પોલીસે ફઝભ્લ એક્ટ, ૧૯૮૫ મુજબનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

વલસાડ જિલ્લા એસ.ઓ.જી પોલીસે અપાયેલ વિગતો મુજબ પોલીસ મહાનિરીક્ષક અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરનરાજ વાઘેલાએ વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થનું વેચાણ તથા સેવન કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપેલ હતી. જે અનુસંધાને લ્બ્ભ ભ્ત એ. યુ. રોઝ તથા લ્બ્ભ પોલીસ સ્ટાફના માણસોએ વાપી ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યો હતો તેઓને વાપીના મોટી નાયકાવાડ, પાણીની ટાંકી પાસે, કચીગામ રોડ, વાપી ખાતે રહેતી શબનમ મોહંમદભાઈ સૈયદે ના ઘરમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજો રાખી ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે તેવી બાતમી મળતા એસઓજી પોલીસે રેઈડ કરવામાં આવી હતી.

આ રેઈડમાં આરોપીના રહેણાંક ઘરમાંથી ૨.૭૫૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી તેના વિરૂધ્ધમાં ફઝભ્લ એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦(બી)(ત્ત) (ॅ), ૨૯ મુજબકાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.પકડાયેલ આરોપી શબનમ મોહંમદભાઈ સૈયદ પાસેથી કબ્જે કરવામાં આવેલ ગાંજાની કુલ કિંમત ૨૭,૫૦૦ રૂપિયા છે. એ સાથે ૧૦,૫૦૦ના ૨ મોબાઈલ મળી કુલ ૩૮૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કામગીરી ભ્ત એ.યુ.રોઝ તથા ખ્લ્ત અશોકકુમાર રમાશંકર, ભાવેશકુમાર મગનભાઈ, સયદભાઈ બાબનભાઈ તથા અ.હે.કો. દિપકસિંહ, નિતીનભાઈ આ.પો.કો. મહેન્દ્રદાન જીલુભા તથા ડ્રાઈવર હે.કો. સુનિલકુમાર સુરેશચંદ્ર, ડ્રાઈવર હે.કો. રમેશભાઈ ભગુભાઈ વગેરે પોલીસ સ્ટાફ દ્વારા ટીમવર્કથી કરવામાં આવી હતી. જોકે વાપી વિસ્તારમાં આવેલ અનેક સ્થળે ગેરકાયદે ગાંજો ચરસ અફીણ ડ્રગ્સ અને દારૂ બિયરનું વેચાણ ખુલ્લેઆમ થઈ રહ્યું છે તેવા મોટા અડ્ડા ઉપર પણ પોલીસે રેડ કરવાની જરૂર છે

## નવસારીના આટમાં ગાંજાનું વાવેતર ઝડપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૫ :** નવસારી એસઓજી પોલીસે બાતમીના આધારે જલાલપોરના આટ ગામના સંદીપભાઈ છોટુભાઈ પટેલએ ઓંજલ તરફ જતા રોડ ઉપર ડાબી બાજુએ સનીકો મેટલ વર્કસ કારખાનાની પાછળ ભાગે ગેરકાયદેસર વનસ્પતિજન્ય ગાંજાના છોડનું વાવેતરની માહિતી પ્રાપ્ત થઈ હતી. પીઆઈ આર્ય અને તેમની ટીમે મંગળવારે જે તે સ્થળ પર રેડ કરતા કુલ ૮ છોડ આશરે ૦૭ ફૂટ ૬ ઈંચ, ૦૭ ફૂટ ૯ ઈંચ, ૦૯ ફૂટ,૦૫ ફૂટ (નંગ ૦૨), ૦૪ ફૂટ ૦૬ ઈંચ, ૦૬ ફૂટ ૦૪ ઈંચ તથા ૦૨ ફૂટ ઊંચા જેનું કુલ વજન ૬.૨૯૦ કી. ગ્રામ જેની કિંમત રૂા. ૩૭૭૪૦ અને લોખંડના નાના મોટા સળિયા નંગ ૪, નાયલોન સફેદ કલરની દોરી, પ્લાસ્ટિકની દોરી, વીજ બિલ, આધાર કાર્ડ, વેરાબીલ પાવતી અને મોબાઈલ કિંમત રૂા.૫૦૦૦ મળી કુલ રૂા.૪૨,૭૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી સંદીપભાઈ છોટુભાઈ પટેલ વિરૂદ્ધ એન ડી પી એસ એક્ટ કલમ ૮(બી),૨૦(એ)(એલ) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નવસારી જિલ્લામાં માદક પદાર્થો અને ડ્રગ્સનું ગેકાયદેસર વેચાણ કરનારા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. પીએસઆઈ પી.વાય. ચિતે, એએસઆઇ નલીન ચીમન, એએસઆઇ દિનેશ ફૂલસિંગ, એએસઆઇ ફૈજલ મકબૂલ હુસૈન સહિત સમગ્ર એસઓજી પોલીસ ટીમે સરાહનીય કામગીરી કરી હતી.

## ઉમરગામનાં સ્વાગત કાર્યક્રમમાં ૨૦ પ્રશ્નોનો નિકાલ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૨૫ :** ઉમરગામ તાલુકા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વિવિધ વિભાગોને લગતા ૨૦ જેટલા પ્રશ્નો રજૂ કરાયા હતાં. જે પૈકી લાંબા સમયથી પડતર પ્રશ્નોનો મામલતદાર કલ્પનાબેન પટેલ દ્વારા નિયમ અનુસાર નિકાલ કરાતા અરજદારોએ ખુશીની લાગણી અનુભવી હતી અને વારંવાર ધરમ ધક્કા ખાવા છતાં લાંબા સમયથી પ્રશ્ન પડતર હોય જેનો તાલુકા સ્વાગત કાર્યક્રમમાં નિકાલ કરાતા અરજદારોએ મામલતદાર કલ્પનાબેનનો આભાર પ્રગટ કર્યો હતો. ઉમરગામ નગરપાલિકા સહિત અન્ય કચેરીને લગતા પ્રશ્નો સંદર્ભે મામલતદાર કલ્પનાબેન દ્વારા જે તે કચેરીને પ્રશ્નોનો નિર્ધારિત સમયમાં નિકાલ લાવવા જણાવાયું હતું. ઉમરગામના જાગૃત આગેવાન અને સામાજિક કાર્યકર રમણભાઈ સુરતીએ ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં ભરાતા હાટ બજારને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યા, રવિવારના રોજ ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની ગેરહાજરીને કારણે દર્દીઓએ વેઠવી પડતી તેમજ અન્ય એક રસ્તાના પડતર પ્રશ્ન અંગે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હતી જે અંગે તાલુકા કક્ષાએથી જે તે વિભાગને જાણ કરી પ્રજાએ હાલાકી વેઠવી ન પડે તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા તાલુકા કક્ષાએ સ્વાગત કાર્યક્રમનું આયોજન કરી એક જ સ્થળેથી ત્વરિત ધોરણે સામુહિક રીતે પ્રશ્નોનો નિકાલ થાય તે માટે પ્રયાસ થતા જોવા મળે છે. ઉમરગામ તાલુકા કક્ષાએ યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોનો નિકાલ થતાં તંત્રની કામગીરીથી અરજદારોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## બીલીમોરામાં બાઈકસવાર રસ્તાના ખાડાને કારણે પટકાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૫ :** બીલીમોરામાં રસ્તાઓની હાલત બિસ્માર થતા ઠેર ઠેર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહયું છે. બુધવારે સવારે જોરાવાસણ ગામનો વાહનચાલક યુવકની મોટર સાયકલ ખાડામાં પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો. જો કે સદનસીબે આંખનો આબાદ બચાવ થયો હતો. બીલીમોરાના રસ્તે પટકાયેલો વિકાસ ફરી ક્યારે ઊભો થશે એ એક જ સવાલ બીલીમોરા નગરજનોના મુખે ચર્ચાઈ રહયો છે. બીલીમોરામાં જીવાદોરી સમાન ચીખલી તરફ જતો રસ્તો વાહન ચાલકો માટે માથાનો દુઃખાવો સમાન બન્યો છે. પાલિકા દ્વારા ફક્ત છારૂ અને ઢેફા નાંખી ખાડાઓ પૂરી સબ સલામતની પીપુડી વગાડવામાં આવી રહી છે. વાહનચાલકો માટે આ બિસ્માર રસ્તો તલવારની ધાર પર ચાલવા જેવો કપરો થઈ ગયો છે. નગરજનો અને આગેવાનોમાં રસ્તાની મરામતને લઈ બીલીમોરા નગરપાલિકા સામે ભરપૂર આક્રોશ જોવા મળી રહયો છે. બિસ્માર રસ્તાઓને લઈને અકસ્માતનો ભોગ બનેલા લોકો જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી કેસ કરવાની વાતો પણ શહેરભરમાં ચકડોળે ચઢી છે.

### રાજ્યના ઊર્જામંત્રીના જિલ્લામાં જ ધરમપુર પાલિકાનો નમૂનેદાર વહીવટ

## ધરમપુર પાલિકાનું ૬ માસથી રૂા.૪૧.૩૬ લાખનું વીજબીલ બાકી !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૨૫ :** આશરે ૪૦ હજારથી વધુ જનસંખ્યા ધરાવતા છ વોર્ડમાં સમાવિષ્ટ ધરમપુર નગરપાલિકાનું છેલ્લા છ મહિનાનું ૪૧,૩૬,૨૫૭.૩૮ રૂપિયાનું વીજ બિલ બાકી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે.

ધરમપુર નગરપાલિકાના ચૂંટાયેલા સભ્ય સહિત પ્રમુખની છેલ્લા ૧૮ મહિનાથી ટર્મ પૂર્ણ થયા બાદ હાલે પાલિકાનો વહીવટ મામલતદાર તેમજ પાલિકાના ચીફ ઓફિસર સંભાળી રહ્યા છે. ધરમપુર પાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અનેક સમસ્યા બાબતે પ્રશ્ન ઉઠી રહ્યા છે. ત્યારે પાલિકાનું છેલ્લા છ મહિનાથી વીજબીલ બાકી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. ધરમપુર પાલિકાની મિલકત વેરા તરફ એક નજર કરતા ગત વર્ષ ૨૦૨૩/૨૪ માં ૯૨.૧૦ ટકા મિલકતવેરો વસૂલાતાં કુલ ૧ કરોડ ૪૩ લાખની આવક થઈ હતી. જ્યારે ચાલુ વર્ષે ૫૬ ટકા મિલકત વેરો વસૂલાતાં ૧ કરોડ રૂપિયા અત્યાર સુધી વસૂલાયા છે. જ્યારે ગત વર્ષે ૨૦૨૩/૨૪માં વ્યવસાય વેરો ૧૦૦ ટકા વસૂલાત ૫૨ લાખની આવક થવા પામી હતી. તેમજ ચાલુ વર્ષે ૫૦ ટકા જેટલો વ્યવસાય વેરો વસુલાતા ૨૫,૮૭,૪૮૬ રૂપિયા વસૂલવામાં આવ્યા છે. આમ ધરમપુર નગરપાલિકા વ્યવસાય વેરા તેમજ મિલકતવેરા વસૂલાતમાં દર વર્ષે અગ્રેસર રહી છે તેમ છતાં નગરપાલિકાનો વોટરવર્કર્સ, સ્ટ્રીટ લાઈટ, NRGP ,R G P U વીજ બિલની માર્ચ મહિના બાદ છેલ્લાં એપ્રિલ મહિનાથી સપ્ટેમ્બર સુધી છ મહિનાનું કુલ ૪૧૩૬,૨૫૭.૩૮ રૂપિયાનું વીજ બિલ બાકી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. આ બાબતે ધરમપુર જીઈબી કચેરીથી અત્યાર સુધી પાલિકા દ્વારા નાણાં ન ભરાતા ૨૪ -૬- ૨૦૨૪ અને ૬ -૮ - ૨૦૨૪ની તારીખે બે વખત નાણાં વસુલાત બાબતે નોટિસ ફટકારી મૌખિક પણ જાણ કરવામા આવી છે. આ બાબતે પાલિકાના એકાઉન્ટ વિભાગના કલાર્ક આનંદભાઈને વીજ બીલના નાણાં બાકી હોવા અંગે પૂછપરછ કરાતા તેમણે જણાવ્યું હતું કે બીજા અન્ય કામોમાં નાણાં વપરાતા હોવાથી વીજબીલ ભરવાનું બાકી હોવાનું જણાવ્યું હતું.

## દમણ-દીવમાં અધિકારીઓની બદલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૨૫ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ, દાદરા નગર હવેલીમાં અધિકારીઓની બદલી કરવામાં આવી છે. કર્મચારી વિભાગના નિર્દેશક આશિષ મોહને આદેશ જારી કર્યો છે. સાગર ડાયફોડેને ફ્રેમન બ્રહાનો હવાલો સોંપવામાં આવ્યો છે અને તેમને બોજમાંથી મુક્ત કર્યા છે. રાહુલ દેવ બુરાને દીવ જિલ્લાના કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને દીવ કલેક્ટર ભાનુ પ્રભાને રાહત આપી છે. પ્રિયાંશુ સિંહને દમણના ડેપ્યુટી કલેક્ટર (મુખ્ય મથક) નિયુક્ત કરવામાં આવ્યા છે. આરતી અગ્રવાલને ડેપ્યુટી કલેક્ટર જનરલ બનાવવામાં આવ્યા છે.

VIMAL POWERS
V-GUARD



ચટણી બનાવવી કે ઢોસાનું ખીરું
ઘરના રસોડામાં MIXER તો
V-GUARD નું જ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

## વલસાડ જિલ્લામાં બે માસ માટે 'ટોબેકો ફ્રી' યુથ કેમ્પેઈન

**વલસાડ, તા.૨૫ :** વલસાડ તાલુકાના ફણસવાડાની સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે વલસાડ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતીના ચેરમેન કલ્પનાબેન આર. પટેલની અધ્યક્ષતામાં આરોગ્ય શાખાના રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. મનોજ પટેલનાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બાળકોને તમાકુ સેવનનાં કારણે થતાં ગંભીર રોગો જેવા કે મોઢાંનું કેન્સર, લકવો, હૃદય રોગ, ટી.બી. નપુસંકતા જેવા રોગો તેમજ અન્ય ગેરલાભો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શાળાનાં વિધાર્થીઓ તથા સ્ટાફ હાજર રહ્યા હતા.

'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦' કેમ્પેઈન હેઠળ આવનારા ૬૦ દિવસોમાં (અનુ. પેજ નં.૭ પર)

ફ્લેટ વેચવાનો છે
આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે
મો.નં. - 98252 68389

# અન્ય સમાચારો

## વલસાડમાં ૧૨૦ કાર્યકરો માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ યોજાઇ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ જિલ્લાની આશ્રમશાળાના શિક્ષકો અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના ૧૨૦ કાર્યકરો માટે એક દિવસીય ડીઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ યોજાઇ હતી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર - કલેકટર કચેરી વલસાડ અને ૬ BN NDRF TEAM ના સહયોગથી ઇંડિયન રેડ ક્રોસ સોસાયટી વલસાડ જીલ્લા શાખાના સયુંકત ઉપક્રમે અને બલસાર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના સહયોગમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ મોઘા ભાઈ હૉલ ખાતે યોજવામાં આવી હતી.

આ તાલીમનો મુખ્ય હેતુ ડીઝાસ્ટર ન્પિેડનેસ અને મેનેજમેન્ટ માટે લોકોને ઉજાગર કરી આડતના સમયે સાવચેતી માટેની પૂર્વ તૈયારી અને આફત દરમ્યાન વધુને વધુ લોકોને બચાવવાનો તથા જાનમાલ ને થતાં નુકશાનને અટકાવવાનો હતો. તાલીમના ઉદ્ઘાટન પ્રસંગે કલાકે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વલસાડના પ્રેસિડન્ટ તથા વલસાડ જિલ્લા સમાહર્તા માનનીય કલેક્ટર નૈમેશ દવે, નફિસાબેન શેખ, ડીઝાસ્ટર મામલતદાર, ૬ BN NDRF TEAMના ઈન્સ્પેકટર રમેશ કુમાર, જનકભાઈ દેસાઈ, માનદ મંત્રી BDCA-વલસાડ, મહાદેવભાઈ દેસાઈ, ડો. યઝદી ઈટાલિયા, માનદ મંત્રી- IRCS વલસાડ જીલ્લા શાખા તથા ઉદયભાઈ ભંડારી અને નિમેશ ભાઈ લાડ, સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમિટેડ વાપીના પ્રતિનિધિ તરીકે તથા ૧૦૮ ની ટીમ તથા નગર પાલિકા વલસાડની ફાયર વિભાગના લલીત પરમાર અને એમની ટીમ તથા NDRF TEAMના જવાનો હાજર રહ્યા હતા. દીપ પ્રાગટ્ય કલેક્ટર નૈમેશ દવે તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. NDRF TEAM ના ઈન્સ્પેકટર રમેશ કુમાર દ્વારા NDRF ની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ તાલીમમાં કુલ ૧૨૦ લોકોએ સહભાગી થઈ સફળતાપૂર્વક તાલીમ લીધી હતી તમામ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ આપી બિરદાવવામાં આવ્યા તથા તાલીમ આપવા ખાસ ઉપસ્થિત NDRF TEAM ના ૩૦ સભ્યો ફાયર વિભાગ અને ૧૦૮ની ટીમને પણ સ્મૃતિભેટ આપી બિરદાવવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વલસાડ શાખાના એકજિક્યુટીવ મેમ્બર ભાવેશ રાયચા એ કર્યું હતું.

## વલસાડ જિલ્લા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીનો શુભેચ્છા સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ સમાજ કલ્યાણ અધિકારી (વિકસિત જાતિ) ની કચેરી-વલસાડમાં ફરજ બજાવતા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી નિખિલ પરમારની રાજકોટ જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) ની કચેરી ખાતે અધિક્ષક તરીકે બદલી થતાં ડો. આંબેડકર-હોલ, વલસાડ ખાતે ભવ્ય શુભેચ્છા સમારોહ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી એમ.વાય. થુંથીવાલા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. સ્ટાફ તરફથી નિખિલભાઈને સ્મૃતિભેટ અર્પિત કરવામાં આવી હતી.

અશરફ ચુડાસમા એ નિખિલભાઈએ કહેલી ઉક્તિ થાય એટલું કરાય, એમ નહીં પણ કરીએ એટલું થાયને સાર્થક કરવાના નિખિલભાઈના ઉમદા ગુણની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

## આંતલિયાના સસ્તા અનાજ દુકાનધારકની અનિયમિતતા સામે મામલતદારને રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૫ :** બીલીમોરા નજીક આવેલા આંતલિયા ગામે આઇ ટી આઇ સામે વલ્લભ બાગ માં આવેલી સસ્તા અનાજ ની દુકાન સંચાલક દ્વારા અનિયમિતતા, સમયસર અનાજ વિતરણ ન કરાતા કેટલાક રાશન કાર્ડ ધારકોને અનાજ પણ મળતું ન હોવાની લેખિત ફરિયાદ મંગળવારે ગણદેવી મામલતદાર ને કરવામાં આવી હતી.

નવસારી, જલાલપોર, ગણદેવી અને બીલીમોરા સહિત અનેક સ્થળે સસ્તા અનાજની દુકાનોમાંથી ગરીબોના હકનું અનાજ બારોબાર સગેવગે થતું હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી જોવા મળે છે. કેટલીક સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ના જથ્થાને કેટલાક અનાજ માફિયાઓ દ્વારા ખાનગી દુકાનમાં પહોંચાડવાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની સાથે આ જ અનાજ ખાનગી દુકાનમાં પ્રતિકિલો રૂપિયા ૧૦-૧૨ વધારી વેચી દેવામાં આવતું હોવાની વાતો શહેરભરમાં ચકડોળે ચઢી છે. તો કેટલીક જગ્યાએ અનાજ દળવાની ઘંટીમાં ગરીબોના હકના અનાજ ને દળી નાખી લોટ બનાવી વેચવાનો ધંધો પૂરજોશમાં ચાલી રહયો હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. આંતલિયા ગ્રામ પંચાયત સરપંચ જયેશ પટેલ અને રાશન કાર્ડ ધારકોએ આઇ ટી આઇ સામે આવેલા વલ્લભ બાગ એપાર્ટમેન્ટમાં ચાલતી સસ્તા અનાજ દુકાન ના સંચાલક વિરૂદ્ધ ગણદેવી માલતદાર કચેરીમાં આવેદન પત્ર પાઠવ્યું હતું.

જેમાં દુકાન ધારક દ્વારા અનાજનું સમયસર વિતરણ ન કરાતું હોવા સાથે કેટલાક રાશન કાર્ડ ધારકો ને અનાજ પણ મળતું ન ઉલ્લેખ કરાયો છે. આવા સસ્તા અનાજ દુકાનના પરવાનેદાર સામે પુરવઠા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની લોકમાંગ ઉઠી રહી છે જેથી ગરીબ લોકોને પોતાના હકકનું મળવાપાત્ર અનાજ અને અન્ય ખાદ્ય સામગ્રી સમયસર મળી રહે છે.

## સિલીની કે.એલ.જે કંપની દ્વારા કેમિકલયુક્ત પાણી ખુલ્લામાં છોડતાં ખતરોને નુકસાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૫ :** દાનહના સીલી ગામે આવેલ કે.એલ.જે ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ યુનિટ નંબર ૨ કંપની દ્વારા ખુલ્લેઆમ કેમિકલવાળુ પાણી છોડાતા ખેતરોને ભારે નુકસાન થઇ રહ્યુ છે. આ બાબતે રહીશો દ્વારા ગામના સરપંચ અને પ્રશાસનિક અધિકારીઓને લેખિત અને મૌખિક ફરિયાદ કરી છે. પ્રશાસન દ્વારા આ મામલે કાર્યવાહી કરવામાં આવે અને જમીન તથા પાણીને ખરાબ થતા બચાવવા માટેની ગુહાર ગ્રામજનો દ્વારા લગાવવામાં આવી હતી. આ સાથે જ જે નુકસાન થાયું છે એનું વળતર મળે એવી માંગ કરી હતી. દાનહના સીલી ગામમાં આદિવાસી પરિવારના લોકો રહે છે અને ખેતી અને પશુપાલન કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સિલી ગામમાં આવેલી કે.એલ.જે કંપની દ્વારા ખેતીવાળી જમીનમા પ્લાસ્ટીક તેમજ કેમિકલયુક્ત પાણી છોડવામાં આવી રહ્યું છે જેના કારણે માનવ જીવન,પશુ પક્ષીઓને નુકસાન સાથે હવા, પાણી અને જમીનને નુકસાન થઈ રહ્યું છે. જેના કારણે ખેતીમાં નુકસાન થઈ રહ્યું છે. સિલી ગામના લોકોનું કહેવું છે કે કંપની દ્વારા એક હજાર ફૂટ ઊંડો બોરવેલ બનાવી એમા પ્રાણઘાતક કેમિકલ છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે ગામમાં પાણી તેમજ જમીન ખરાબ થઈ રહી છે.



આ બાબતે ગ્રામજનોએ કંપનીના સંચાલકોને જણાવતા કંપની દ્વારા ધમકી આપવામાં આવી રહી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. આ બાબતે દાનહ પ્રશાસન અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સિલી ગામના ગ્રામજનો કરી રહ્યા છે.

## મુંબઈમાં જન્મભૂમિ ભવનમાં ડો. હેમરાજ શાહ સન્માન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** જન્મભૂમિ પત્રોના મેનેજીંગ ટ્રસ્ટી હાર્દિક મામણિયા અને મુખ્યતંત્રી કુંદનભાઈ વ્યાસના હસ્તે હાર્વર્ડ લાઈફટાઈમ પરફોર્મર-વર્લ્ડ રેકોર્ડ એવોર્ડ આપી જન્મભૂમિ ભવનમાં બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સંસ્થાપક અધ્યક્ષ ડૉ. હેમરાજ શાહનું સન્માન કરાયું હતું.

આ અવસર પર દિનેશ ટી.શાહ, ઍડ. પીયૂષ શાહ, અરવિંદ શાહ, હાર્દિક મામણિયા, હેમરાજ શાહ કુંદનભાઈ વ્યાસ, રાજેશ દોશી અને અનિલ ગાલા (નવનીત) અને ચીમન મોતા ઉપસ્થિત રહ્યાં હતા.

### દમણ રેડિયો

**102.3 FM**

ગુરુવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે** : (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન




### આજનું પંચાગ

**તા.** ૨૬-૦૯-૨૦૨૪, **વાર:** ગુરૂવાર, **તિથિ:** નોમ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૧૧ **સૂર્ય અસ્ત :** ૧૮:૧૨ **ચંદ્રરાશિ:** મિથુન

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે.

## ગીતામૃતમ્..બ્રહ્મસાક્ષાત્કાર માટેની યોગ્યતા શું છે?

**મૂળ વાત સાક્ષાત્કારની છે, ગીતા બ્રહ્મસાક્ષાત્કારમાં માને છે પણ તેની સાધના દ્વારા માને છે. કોઈ માથે હાથ મૂકે અને સાક્ષાત્કાર થઈ જાય અથવા કોઈના શક્તિપાતથી સાક્ષાત્કાર થઈ જાય તેવું નથી માનતી**

બ્રહ્મસાક્ષાત્કાર માટેની યોગ્યતા શું છે તથા જ્ઞાનની પરાનિષ્ઠા પ્રાપ્ત કરવા કઇ સાધન સામગ્રીની જરૂરીયાત છે તેને બતાવતાં શ્રીમદ ભગવદ ગીતા(૧૮/૫૧-૫૩)માં ભગવાન કહે છે કે જે વિશુદ્ધ સાત્વિકી બુદ્ધિથી યુક્ત, વૈરાગ્યને આશ્રિત, એકાંતનું સેવન કરવાવાળો અને નિયમિત ભોજન કરવાવાળો અલ્પાહારી સાધક, ધૈર્યપૂર્વક ઈન્દ્રિયોનું નિયમન કરીને, શરીર-વાણી અને મનને વશ કરીને શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ.. આ પાંચ વિષયોનો ત્યાગ કરીને અને રાગ-દ્વેષને છોડીને નિરંતર ધ્યાનયોગ પરાયણ થઇ જાય છે, આવો ભક્ત અહંકાર, સામર્થ્ય, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહને છોડીને મમતારહિત તથા શાંત થઇને બ્રહ્મ સાક્ષાત્કારને પાત્ર બની જાય છે.

જે પરમાત્મા તત્વને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેની બુદ્ધિ વિશુદ્ધ સાત્વિક હોવી જોઇએ..પૂર્વાર્જિત પાપોના સંસ્કારોથી રહિત અંતઃકરણને વિશુદ્ધ બુદ્ધિ કહે છે.જેવી રીતે સંસારી લોકો રાગપૂર્વક વસ્તુ કે વ્યક્તિને આશ્રિત રહે છે, એમને પોતાનો આશ્રય કે સહારો માને છે એવી જ રીતે સાંખ્યયોગનો સાધક વૈરાગ્યને આશ્રિત રહે છે એટલે કે જનસમુદાય તથા સ્થાન વગેરે સાથે તેની સ્વાભાવિક જ નિર્લિપ્તતા બનેલી રહે છે.લૌકિક અને પારલૌકિક તમામ ભોગોથી તેનો દ્રઢ વૈરાગ્ય હોય છે.

એકાંતમાં રહેવાથી સાધના વધુ થશે, મન ભગવાનમાં સારી રીતે લાગશે, અંતઃકરણ નિર્મળ થશે.એકાંત સેવનમાં રૂચિ થવી એ ઉત્તમ છે પરંતુ તેનો આગ્રહના હોવો જોઇએ.એકાંત અમૃત છે અને એકાંત વિષ પણ છે.જેનામાં વૈરાગ્ય હોય તથા પ્રભુભજનમાં મન લાગતું હોય તેના માટે એકાંત અમૃત છે પણ જેનામાં વૈરાગ્ય જ ના હોય અને પ્રભુભજનમાં રસ ન હોય તેવી વ્યક્તિ માટે એકાંત ઝેરનું કામ કરે છે તેવી વ્યક્તિએ સમૂહમાં રહેવું જોઇએ. એકાન્તની ત્રણ કક્ષાઓ છેઃ જનશૂન્યતા-જીવશૂન્યતા અને સ્મૃતિ શૂન્યતા.

જનશૂન્યતા એટલે જ્યાં માણસો રહેતાં ન હોય,માણસો હોય તો સંબંધ હોય.સંબંધ હોય તો રાગ-દ્વેષ થાય.રાગ-દ્વેષ થાય તો અશાંતિ થાય પણ કોઈ માણસ જ ન હોય તો કોઈ સંબંધ જ ન થાય.

જીવશૂન્યતા એટલે વ્યક્તિ નિર્જન વનમાં રહે તો જનશૂન્ય સ્થળ મળે પણ ત્યાં બીજા જીવો તો હોય છે.ખાસ કરીને પશુ-પક્ષીઓ વગેરે હોય છે.માણસ માણસને ઝંખે છે તેમાં પણ વિજાતીય માણસની ઝંખના વધુ રહેતી હોય છે અને તે જો ન મળે તો પછી પશુ-પક્ષીઓ વગેરે જીવો પ્રત્યે આકર્ષણ થાય છે તેથી તે હરણાં કૂતરાં વગેરે પશુઓને પાળીને તેમની સાથે સંબંધ કેળવે છે પણ જ્યાં આવાં પશુ-પક્ષીઓ વગેરે જીવો પણ ન રહેતા હોય તેવા જીવશૂન્ય પ્રદેશમાં રહે તો તે જીવશૂન્ય એકાન્ત કહેવાય.

સ્મૃતિશૂન્યતા એટલે જ્યાં જન અને જીવો ન હોય પણ ત્યાં આંતરિક સ્મૃતિઓ જાગી ઊઠે. અંતઃકરણ સ્મૃતિઓનો મહાભંડાર છે. જ્યારે અનુભવહીનતાવાળો કાળ હોય છે ત્યારે સ્મૃતિઓ ખીલી ઊઠતી હોય છે. તમે કશો જ અનુભવ ન કરો. સંબંધહીન જીવન અનુભવહીન જીવન થઈ જતું હોય છે.આવા કાળમાં પેલા ભંડારમાં પડેલો સ્મૃતિઓનો જથ્થો ખીલવા માંડે છે.એક પછી એક નવાંનવાં પડ ખૂલે છે અને જીવાત્મા તેમાં તન્મય થઈ જાય છે. તેમાં પણ તીવ્ર રાગાત્મક અને તીવ્ર દ્વેષાત્મક સ્મૃતિઓ બહુ પ્રબળ હોય છે, તે તો હજાર મુખોથી જાગી ઊઠતી હોય છે તેને શૂન્ય કરવી એ અત્યંત કપરી વસ્તુ કહેવાય પણ સાધક સ્મૃતિઓથી પણ શૂન્ય થઈ જાય તો સ્મૃતિશૂન્ય એકાન્ત કહેવાય.

ઓછો આહાર લેનારો. અહીં શબ્દ ઉપર ધ્યાન દેવા જેવું છે.ગીતા નિરાહારી એટલે કે આહાર વિનાનો નથી કહેતી.આખી ગીતામાં ક્યાંય આહાર ત્યાગની વાત કરી નથી. અત્યાહારી ક્યારેય સાધક ન થઈ શકે. અત્યાહારીનાં ત્રણ રૂપ છેઃ એક જ સમયે ખૂબ દબાવીને જમે,વારંવાર જમે પણ ખૂબ દબાવીને જમે અને ન પચે તેટલું જમે. આ ત્રણ દોષોથી જે મુક્ત હોય એટલે કે જે ભલે એક વાર કે બેવાર જમે પણ હળવો આહાર ઓછી માત્રામાં લે તો તેને નિદ્રાન્તંન્દ્રા સતાવે નહિ તેથી લઘ્વાશી કહ્યું છે.

સાંસારીક ગમે તેટલાં પ્રલોભનો સામે આવવા છતાં પણ બુદ્ધિને પોતાના ધ્યેય પરમાત્માતત્વથી વિચલિત ન થવા દેવી આવી દ્રઢ સાત્વિકી બુદ્ધિના દ્વારા ઈન્દ્રિયોનું નિયમન કરવું. શરીર-વાણી અને મનને વશમાં કરવાં બહુ જ જરૂરી છે એટલે શરીરથી વૃથા ન ફરવું,જોવા-જાણવાના શોખ માટે કોઇ પ્રવાસના કરવો, વાણીથી વૃથા વાતચીતના કરવી, આવશ્યક લાગે તો જ બોલવું,અસત્ય ના બોલવું, નદા-ચુંગલી ના કરવી. મનથી રાગપૂર્વક સંસારનું ચિંતન ના કરતાં પરમાત્માને જાણીને પરમાત્માનું ચિંતન કરવું.

વાણીનો સંયમ કરવો. બને તો મૌન રહેવું અથવા ઓછું બોલવું અથવા જરૂરી હોય એટલું જ બોલવું. શરીરને ચંચળ ન થવા દેવું, અનુકૂળ આવે તેવા યોગ્ય આસનમાં સ્થિર થઇ મનને સ્થિર કરવું.

વધુમાં વધુ સમય ધ્યાનમાં લગાવવું,ધ્યાનના સમયે બહારના જેટલા સબંધો છે કે જે વિષયરૂપથી આવે છે અને જેનાથી સંયોગજન્ય સુખ થાય છે. શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ આ પાંચ વિષયોનો સ્વરૂપથી ત્યાગ કરી દેવો જોઇએ કારણ કે વિષયોનું રાગપૂર્વક સેવન કરવાવાળો ધ્યાનયોગની સાધના કરી શકતો નથી. ધ્યાન પોતાના ઈષ્ટદેવ/ગુરૂદેવનું કરવું, ઈષ્ટદેવને જોયા કરવા, તેમની સાથે મનોરાજ્ય કરવું.મનોરાજ્ય એટલે માનસિક વ્યવહાર કરવો.જેમ વ્યક્તિ પોતાના પ્રિયતમ સાથે માનસિક વાર્તાલાપ અને વ્યવહાર કરતો હોય છે તેમ ભક્ત પણ પોતાના ભગવાન સાથે માનસિક વાર્તાલાપ કરવો,વ્યવહાર કરવો. આવી તન્મયતા દ્રઢ થતાં થતાં તન્મય જગત દેખાવા લાગે છે. જેમ આશિકને ચારે તરફ માશૂકા જ દેખાતી હોય છે તેમ ભક્તને પણ ચારે તરફ પોતાનો પ્રભુ જ પ્રભુ દેખાવા લાગે છે આ મનોરાજ્ય છે.

સાંસારીક વસ્તુઓ ખુબ કામની, ઉપયોગી અને મહત્વની છે એવો જે ભાવ છે તેનું નામ રાગ છે અને તેની પ્રાપ્તિમાં કોઇ વિઘ્ન નાખે તેના પ્રત્યે દ્વેષ થાય છે.

જેને વૈરાગ્ય જોઈતો હોય તેણે વૈરાગ્યમંત્રોની સાધના કરવી જોઈએ. લાંબો સમય થાક્યા વિના આનો જાપ કરવામાં આવે તો વૈરાગ્યવૃત્તિ ખીલવા લાગે છે પણ યાદ રહે આવા સાધકને સંસારવૃત્તિ મંદ થવાથી સંસાર નિરસ થઈ શકે છે. નિત્ય શબ્દ બતાવે છે કે આ પ્રક્રિયા સતત નિત્ય થવી જોઈએ, થોડો સમય નહિ.

ગુણોના લીધે પોતાનામાં જે એક વિશેષતા દેખાય છે તેને અહંકાર કહે છે. બળજબરીથી મનમાન્યુ કરવાનો જે આગ્રહ હોય છે તેને બળ કહે છે. સ્થાવર-જંગમ મિલ્કતની વિશેષતાને લીધે જે ઘમંડ થાય છે તેને દર્પ કહે છે. ભોગપદાર્થો તથા અનુકૂળ પરિસ્થિતિ મળે એ ઈચ્છાનું નામ કામ છે. પોતાના સ્વાર્થ અને અભિમાનમાં ઠેસ લાગતાં બીજાઓનું અનિષ્ટ કરવા માટે જે દાહાત્મક વૃત્તિ પેદા થાય છે તેને ક્રોધ કહે છે. ભોગબુદ્ધિથી સુખ-સાહ્યબી માટે ચીજોનો જે સંગ્રહ કરવામાં આવે છે તેને પરીગ્રહ કહે છે.

પોતાની પાસે નિર્વાહ પુરતી વસ્તુઓ છે અને કર્મ કરવા માટે શરીર-ઈન્દ્રિયો વગેરે જે સાધનોમાં મમતાના થાય, પોતાનું શરીર વગેરે જે આપણને પ્રિય લાગે છે તે બધાં નિરંતર ઉપલબ્ધ રહે તેવી ઈચ્છા ના થવી એ નિર્મમ થવું કહેવાય છે. અસત્ સંસારની સાથે સબંધ રાખવાથી જ અંતઃકરણમાં અશાંતિ,ક્ષોભ વગેરે પેદા થાય છે. જડતા સાથે સબંધ વિચ્છેદ થતાં અશાંતિ પાસે આવતી નથી પછી રાગ-દ્વેષ ન રહેવાથી સાધક હરહંમેશાં શાંત રહે છે. મમતારહિત અને શાંત મનુષ્ય પરમાત્માપ્રાપ્તિનો અધિકારી બની જાય છે. જ્યાંસુધી અસત્ પદાર્થો સાથે સબંધ રહે છે ત્યાંસુધી પરમાત્મ પ્રાપ્તિનું સામર્થ્ય આવતું નથી.

મૂળ વાત સાક્ષાત્કારની છે. ગીતા બ્રહ્મસાક્ષાત્કારમાં માને છે પણ તેની સાધના દ્વારા માને છે. કોઈ માથે હાથ મૂકે અને સાક્ષાત્કાર થઈ જાય અથવા કોઈના શક્તિપાતથી સાક્ષાત્કાર થઈ જાય તેવું નથી માનતી. આ શ્ર્લોકોમાં ગીતાએ સાક્ષાત્કારી થવા માટેની સાધના બતાવી છે. જેમાં આટલા નકાર બતાવ્યા છેઃ તે નિરહંકારી હોય, પોતાના બળ એટલે સામર્થયના ભારથી મુક્ત હોય,ઘમંડી ન હોય, કામી-ક્રોધી ન હોય, અનાવશ્યક વસ્તુઓનો સંગ્રહ કરનારો ન હોય અને તેને કોઈ વસ્તુ પ્રત્યે મોહ-માયા ન હોય.. આવો શાંત ભક્ત કે સાધક હોય તો તે બ્રહ્મસાક્ષાત્કારની યોગ્યતાવાળો થઈ શકે. ગીતા લક્ષણો વિના કશું જ પ્રાપ્ત કરાવતી નથી, બધી સિદ્ધિઓનાં તરત જ લક્ષણો બતાવે છે.

**આલેખન:**
**વિનોદભાઈ માછી નિરંકારી**

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


# અરનાલાના સ્મશાન ગૃહમાં સગડીનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૫ :** પારડી તાલુકાના અરનાલા ગામમાં આવેલ સ્મશાન ગૃહમા સગડીનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધા થકી આ વિસ્તારના ગ્રામજનોના સ્વજનોની અંતિમ ક્રિયા કરવામાં નાગરિકોને રાહત મળશે.

અરનાલા ગામે સાર્વજનિક સ્મશાન ગૃહ ટ્રસ્ટ અરનાલાના ટ્રસ્ટીઓ દિનેશભાઈગોઈમા હસમુખભાઈ ધીરુભાઈ ઠાકોરભાઈ વગેરે એ સ્મશાન ગૃહમાં સગડી અને સ્મશાન યાત્રા માટે નનામી પાલખીની જરૂરિયાત અંગે ગોઈમા જિ.પંચાયત સભ્ય શૈલેશકુમાર આર પટેલને રજુઆત કરતા શૈલેશકુમાર પટેલે દાતા ઘનશ્યામભાઈ રાણપરીયાના સહયોગથી સગડી અને નનામી પાલખીની વ્યવસ્થા કરી આપતા આજરોજ જિ.પંચાયત સભ્ય શૈલેશકુમાર પટેલ ધનશ્યામભાઈના પ્રતિનિધિ કૌશિકભાઇ તાલુકા પંચાયત સભ્ય શૈલેશકુમાર એસ પટેલ તા. ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ આહીર પાટી સરપંચ જીતુભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાર્વજનિક સ્મશાન ગૃહ ટ્રસ્ટ અરનાલા એ જિ.પંચાયત સભ્ય તા.પંચાયત સભ્ય અને દાતાઓનો હદયપુર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહિલા પોષણ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૨૫ :** દેશમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતાં તેની ઉજવણીના ભાગરૂપે તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૪થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી દેશના વિવિધ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત કૃષક સ્વર્ણ સમૃધ્ધિ રથ અને ખેડુત શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વલસાડ જીલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજનાના સુપરવાઈઝરો અને કાર્યકરોનેમહિલા સ્વાસ્થ્ય અને પોષણને લગતુ માર્ગદર્શન મળી રહે તે હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ મહિલા પોષણ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં સુખાલા, મોટાપોંઢા, અંભેટી ધોધડકુવા, ભંડારકચ્છ અને વારોલી જેવા ૧૫ ગામોની ૫૫ આંગણવાડીના ગામના ૭૨ સંકલિત બાળ વિકાસ યોજનાના સુપરવાઈઝરો અને કાર્યકરોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વિષય નિષ્ણાંત કમલેશભાઇ પટેલે કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમની વિગતવાર માહિતી આપી કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવતી મહિલા સ્વાસ્થ્ય અને પોષણને લગતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. કેન્દ્રના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમિલાબેન આહિરે ઉપસ્થિત મહિલાઓને મૂલ્યવર્ધન દ્વારા આહાર અને પોષણને કેવી રીતે સુધારી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. કેન્દ્રના પશુપાલન નિષ્ણાંત ડૉ બાલુભાઇ પટેલે પ્રાકૃતિક ખેતી થકી મહિલા સ્વાસ્થ્ય અને પોષણ અંગે માર્ગદર્શન આપ્યુ. આંગણવાડી સુપરવાઈઝર ટવીન્કલબેન વિરાણીએ મહિલાઓને રોજીંદા આહારમાં ફળો અને શાકભાજી લેવા માટે સમજ આપી. મહિલાઓને ન્યુટરીશનલ ગાર્ડન અંગે પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર દ્વારા શાકભાજી કિટ આપવામાં આવી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહિલાઓએ કૃષિ પ્રદર્શનની મુલાકાત લઇને વિવિધ તાંત્રિકતાઓ વિશે માહિતી મેળવી.

# વલસાડ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ મીટ યોજાઈ




**વલસાડ, તા. ૨૫ :** વલસાડ જિલ્લા કલેક્ટર નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ સાથે સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સ મીટ યોજાઈ હતી. કલેક્ટરએ સોશિયલ મિડીયા ઈન્ફ્લ્યુએન્ઝર્સને હાલમાં રાજ્યમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનને સોશિયલ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

કલેક્ટરે સ્વચ્છતા હી સેવા અભિયાન અંગે ઈન્ફ્લ્યુએન્ઝર્સને જાણકારી આપી હતી. સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતાની થીમ વિશે માહિતી આપી આ અભિયાનના ઉદ્દેશ્યને લોકો સુધી પહોંચાડવા જણાવ્યું હતું. તેમજ તા. ૨જી ઓક્ટોબરના રોજ સમગ્ર જિલ્લામાં દરેક સ્થળોએ સફાઈ અભિયાનની ઝુંબેશમાં ભાગીદાર થવા જણાવ્યું હતું.

આ મીટમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. કરનરાજ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, નિવાસી અધિક કલેક્ટરે એ. આર. જહા, ડીઆરડીએ નિયામક એ. કે. કલસરિયા, પ્રાંત અધિકારી આસ્થા સોલંકી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઉમેશ શાહે અને નાયબ માહિતી નિયામક ભાવના વસાવાએ સોશિયલ મિડીયાના સહયોગથી સ્વચ્છતા હી સેવા અભિયાનને લોકો સુધી પોંહચાડવા માટે અને લોકોની આ અભિયાનમાં ભાગીદારી થાય તે માટે પ્રયત્નો કરવા જણાવ્યું હતું. સોશિયલ મિડીયા ઈન્ફલ્યુએન્ઝર્સએ પોતાના અભિપ્રાયો જણાવી કેવી રીતે ભાગીદારી વધારી શકાય તે માટે સૂચનો કર્યા હતા.

# રાષ્ટ્રીય સ્મારક દાંડી ખાતે સ્વચ્છતા પખવાડિયાની કામગીરીનો શુભારંભ



**નવસારી, તા.૨૫ :** આઝાદીના ઈતિહાસમાં શિરમોર ગણાતી દાંડીકૂચના ઐતિહાસિક સ્મારકનું વ્યવસ્થાપન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ખૂબ જ સારી રીતે થઈ રહી છે. સ્મારકમાં વર્ષ દરમ્યાન ઐતિહાસિક તથા જાહેર થયેલા રાષ્ટ્રીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે પણ દર વર્ષની જેમ આપણા વડાપ્રધાનના જન્મદિવસથી લઈને મહાત્મા ગાંધીજીના જન્મદિવસ સુધી એટલે કે એક પખવાડિયું જાહેર જગ્યાઓએ સ્વચ્છતાની કામગીરી કરીને ઉજવવામાં આવે છે. સરકાર પણ સ્વચ્છતા હી સેવાની કામગીરી કરી રહી છે. આ સમય દરમ્યાન ખાસ કરીને ઐતિહાસિક સ્થળો સૈફીવિલા, પ્રર્થના મંદિર અને જાહેર રસ્તા વગેરે સ્થળોએ સ્વચ્છતાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્મારકના સફાઇ કર્મીઓ તેમજ ગાર્ડન વિભાગના સેવક ભાઈ બહેનો જોડાયા હતા.

આ કામગીરીમાં વિસ્તારની આજુબાજુના ઘરના લોકો તેમજ દુકાનદારોને પણ સહભાગી કરવામાં આવે છે. જેથી કરીને આ વિસ્તાર કાયમ માટે સ્વચ્છ રહે જેના લીધે પ્રવાસીઓ પણ પ્રેરણા લેતા હોય છે.

સ્વચ્છતા એ કાર્યક્રમ નહીં પરંતુ આપણા સંસ્કાર બને ત્યાં સુધી આ અભિયાનમાં જોડાઈએ એ આપણાં સૌની જવાબદારી છે.

# બીલીમોરામાં આયોજિત શ્રીમદ ભાગવત કથાનો વિરામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૫ :** બીલીમોરામાં પિતૃઓના મોક્ષાર્થે, વ્યસન મુક્તિઅને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર અર્થે શ્રી ગાયત્રી શક્તિપીઠ બીલીમોરામાં બુધવારે સાત દિવસીય શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શ્રીમદ ભાગવત કથા ઈશ્વરના દશાવતાર સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને રૂક્ષ્મણી કૃષ્ણ વિવાહ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. કથા દરમિયાન કથાકાર ભીખુરામ બાપુ એ મંદિર નગરી, સારસ્વતોનું ધામ અને અંબિકા માતાના પાવન તટે આવેલા બીલીમોરા નગરની ભરપૂર પ્રશંસા કરી હતી. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓની સદગતિ માટે મૌન અને શાંતિ પ્રાર્થના સાથે મંગળવારે કથાને વિરામ આપવામાં આવ્યો હતો. પવિત્ર શ્રાદ્ધપક્ષમાં પિતૃઓની સદગતિ, વ્યસન મુક્તિ અને ભારતીય સંસ્કૃતિમાં પ્રચાર પ્રસાર અર્થે દેસરા શ્રી ગાયત્રી શક્તિપીઠ સાંસ્કૃતિક ભવનમાં યોજાયેલી કથાકાર ભીખુરામ બાપુ (બા નો ભીખુ)ની ૧૮૬ મી શ્રીમદ ભાગવત કથાને ભાવપૂર્વક વિરામ અપાયો હતો.

# પારડી ન.પા.ના સફાઈકર્મીઓનો મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૫ :** પારડી નગરપાલિકાના આરોગ્ય વિભાગના સફાઈ કર્મચારી ભાઈ-બહેનોનો મેડિકલ ચેકઅપ પારડી રેફરલ હોસ્પિટલના ડોક્ટરની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં પારડી નગરપાલિકા કચેરીમાં તમામ સફાઈ કર્મચાર ભાઈઓ બહેનોએ અને ડ્રાઈવર ભાઈઓની તપાસ પારડી રેફરલ હોસ્પિટલના ડો. સરિતાબેન સાથે એમને ડોક્ટરોએ મેડિકલ ચેકઅપ કર્યો હતો અને જરૂરી દવાઓ આપી હતી. પાલિકાના ચીફઓફિસર બી બી ભાવસારના માર્ગદર્શન મુજબ સીટી મેનેજર ભુમીબેન પટેલ સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની ટીમ સાથે હાજર રહીને સફાઈ કર્મચારીઓનો મેડિકલ ચેકઅપ કરાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આંબાબારી શાળાનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૨૫ :** શ્રી વનવાસી વિકાસ મંડળ વઘઈ વિદ્યાલય આંબાબારી શાળાના વિદ્યાર્થીઓએ માનકુનીયા મુકામે યોજાયેલ તાલુકા કક્ષાની એથ્લેટિક્સની રમતોમાં ભાગ લીધો હતો. જેમાં આંબાબારી શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ અલગ અલગ ઈવેન્ટમાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે વનવાસી વિકાસ મંડળના પ્રમુખ શાળાના આચાર્ય તેમજ શાળા પરિવાર પ્રથમ ક્રમ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ તેમના કોચ ગૌતમભાઈ થોરટ અને સૈયદ ફિરોજભાઈને અભિનંદન પાઠવ્યા હતા અને જિલ્લા કક્ષાની રમતમાં પણ પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધારે એવી શુભેચ્છા પાઠવી હતી.

# પારડી પાલિકા દ્વારા સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૫ :** આપણા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી પ્રેરિત પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી બીજી ઓક્ટોબરે યોજનાર છે જેના ભાગરૂપે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ ૨૦૨૪ની ઉજવણી થઈ રહી છે. જે ઉજવણી અંતર્ગત આજરોજ પારડી પાલિકા દ્વારા સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજવામાં આવી હતી. પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર બી.બી. ભાવસાર સિનિયર ક્લાર્ક રીટાબેન સફાઈ વિભાગના સેનેટરી ઇન્સ્પેક્ટર ભાવેશભાઈ સિટી મેનેજર ભૂમિબેન પટેલ સુપરવાઇઝર પંકજભાઈ ગરાસીયાના હસ્તે સફાઈ કર્મચારીઓ તેમજ ડ્રેનેજના કર્મચારીઓને કીટ વિતરણ કરવામાં આવી હતી. સુરક્ષાની દ્રષ્ટિએ હેંગલોઝ માર્ક્સ જેકેટ સેફટી શુઝ અને હેલ્મેટ વિતરણ થયા હતા આ ઉપરાંત તમામ સફાઈ કર્મચારીઓને યુનિફોર્મ વિતરણ કરવામાં આવ્યુ હતું. કર્મચારીઓની સેફટી માટે સરકાર પ્રયત્નશીલ છે એટલા માટે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હેઠળ સફાઈ કર્મચારીઓ અને ડ્રેનેજ કર્મચારીઓને સેફટીના સાધનો એમના બચાવવા માટે વિતરણ કરવામાં આવ્યાં હતાં. તમામ ભાઈ બહેનોને સાધનો મળતા હવે એમને સુરક્ષા મળશે અને એવો સહેલાઈથી કામ કરશે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી જેવો કે સ્વછતાહી સેવા અભિયાન ચલાવી રહ્યા છે જે અભિયાનને પારડી નગરપાલિકા તંત્ર સાર્થક બનાવી રહ્યું છે અને સફળ બનાવી રહ્યું છે.

સ્વચ્છતા હી સેવા અંતર્ગત

# દાનહની શાળાઓમાં વિવિધ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૨૫ :** દાનહમાં તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૦૨ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન સ્વચ્છતા હી સેવા મિશન ૨૦૨૪, સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા મિશન અભિયાન અંતર્ગત પ્રાથમિક શિક્ષણ વિભાગ, જિલ્લા પંચાયત દાદરા અને નગર હવેલી હેઠળની પ્રાથમિક શાળાઓના બાળકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. પ્રાથમિક શિક્ષણ વિભાગ, જિલ્લા પંચાયત દાદરા અને નગર હવેલી હેઠળ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી તમામ ૨૬૪ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ૪૫૯૯૫ બાળકો અને ૧૩૦૦ શિક્ષકો દ્વારા પ્રત્યેક દિવસે સ્વચ્છતા પાઠશાળા, તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વેસ્ટ ટુ વેલ્થ (West to Wealth) અને કલા અભિયાન, તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સ્લોગન લેખન, તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ કવિતા સ્પર્ધા, તા. ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ નિબંધ સ્પર્ધા, તા. ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ ચિત્ર સ્પર્ધા, તા. ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સ્વચ્છતા મેરેથોન, તા. ૨૩મી સપ્ટેમ્બર ના રોજ સ્વચ્છતા સાયક્લોથોન, તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રંગોળી સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દમણમાં હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૨૫ :** દમણમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર મોટી દમણ ઓડિટોરિયમ ખાતે હિન્દી પખવાડા સમાપન સમારોહ અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.




સમારંભની શરૂઆતમાં રાજભાષા સચિવ નિખિલ દેસાઈ, મદદનીશ નિયામક (રાજ્ય ભાષા) ડો. અનિલ કૌશિક અને સુનિલ કુમાર તિવારીએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ સાર્વજનિક શાળાના વિદ્યાર્થીઓએ ઈશ્વર વંદના રજૂ કરી હતી. ત્યારબાદ હિન્દીને સત્તાવાર ભાષા બનાવવાના ઐતિહાસિક પરિદ્રશ્ય પર પ્રકાશ ફેંક્યો અને વર્તમાન પરિસ્થિતિ અને તેના ઉજ્જવળ ભવિષ્ય વિશે સંબંધિત વિચારો વ્યક્ત કર્યા હતાં.

આ પ્રસંગે હિન્દી પખવાડા દરમિયાન આયોજિત દેશભક્તિ ગીત સ્પર્ધામાં માધ્યમિક અને વરિષ્ઠ માધ્યમિક કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વાત્સલ્ય સ્કૂલ એન્ડ પબ્લિક સ્કૂલ, દમણની કન્યાઓએ દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજભાષા વિભાગ દમણ દ્વારા હિન્દી પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિબંધ, શબ્દભંડોળ જ્ઞાન, ઝડપી કવિતા લેખન, દેશભક્તિ ગીતો ટાઈપિંગ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ડ્રાફ્ટિંગ અને નોટ લેખન જેવી ઘણી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ સફળ સ્પર્ધકોને રાજભાષા સચિવ નિખિલ દેસાઈ દ્વારા ટ્રોફી અને પ્રમાણપત્રો આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે સુનિલકુમાર તિવારી, વરિષ્ઠ હિન્દી અનુવાદકે મુખ્ય મહેમાનો અને ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જીએચએસ નાની દમણ જિલ્લા કક્ષાની આંતર શાળા કબડ્ડી સ્પર્ધામાં વિજેતા બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૨૫ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસને પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી અને નિયામક ડૉ.અરુણ ટી. રમતગમત વિભાગના અરુણ ટી. ગુપ્તાના સહયોગથી દમણમાં જિલ્લા કક્ષાની આંતર શાળાકીય રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. કબડ્ડી (અંડર ૧૪, ૧૭ અને ૧૯ બોયઝ) અને ખો-ખો (અંડર ૧૪, ૧૭, ૧૯ ગર્લ્સ અને બોયઝ) દમણ જિલ્લા આંતર શાળાકીય રમતગમત સ્પર્ધામાં છોકરીઓ અને છોકરાઓ માટેની સ્પર્ધા ૨૩/૦૯/૨૦૨૪ થી ૦૯/૧૦ દરમિયાન યોજાશે. /૨૦૨૪ તે ૨૦૨૪ સુધીમાં કરવામાં આવશે. આ ઈવેન્ટના વિજેતા ખેલાડીઓ સંઘ કક્ષાની સ્પર્ધામાં દમણ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. દમણ જિલ્લા આંતર શાળાકીય રમતગમત સ્પર્ધામાં અંડર ૧૯ વોઈસ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ કબડ્ડી સ્પર્ધામાં જી.એચ.એસ. નાની દમણને પ્રથમ, જી.એચ.એસ. દમણવાડાએ દ્વિતીય અને પબ્લિક સ્કૂલને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા ખેલાડીઓને વિભાગના અધિકારીઓ દ્વારા ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# નવસારી જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૨૭ સપ્ટે. યોજાશે

**નવસારી, તા. ૨૫ :** ગુજરાતમાં જરૂરિયાત મંદ લોકો સુધી સરકારની સીધી સહાય પહોંચે તેવા હેતુસર ગરીબ કલ્યાણ મેળાનું સમગ્ર રાજ્યમાં આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે નવસારી જિલ્લામાં આગામી તા.૨૭મી સપ્ટેમ્બરના રોજ ધોડીયા સમાજની વાડી, સુરખાઈ, તાલુકો ચિખલી ખાતે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવનાર છે. જેના સૂચારું આયોજન માટે નવસારી જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે સહિત જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા અને વિવિધ ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં સ્થળ બેઠક યોજાઇ હતી.

કલેક્ટર સહિત જિલ્લા વિકાસ અધિકારીએ યોજનાકિય સ્ટોલ, પાર્કિંગ, જમણવારની જગ્યા, બેઠક વ્યવસ્થા સહિત સ્ટેજ વગેરેના સ્થળોની સ્વયં તપાસ કરી જરૂરી સુચનો આપ્યા હતા. આ ઉપરાંત આગામી ૨૭મીના યોજ યોજાનાર કાર્યક્રમમાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ, સ્ટેજ પરથી લાભાર્થીઓને કીટ વિતરણ, વિવિધ વિભાગોના સ્ટોલ, લાભાર્થીઓના પ્રતિભાવોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ બેઠકમાં સબંધિત વિભાગના અધિકારીઓને સોંપવામાં આવેલી જવાબદારી નિભાવવા, લાભાર્થીઓને જરૂરી સુવિધાઓ મળી રહે, લાભાર્થીઓને કાર્યક્રમ સ્થળે લાવવા-લઇ જવાની વ્યવસ્થાઓ પણ કરાશે.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક **ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી

## જીવાતા જીવનમાં જાત મેળવીએ!



આપણી દરેક ઈચ્છાઓનું મૂળ આપણું આ અડવીતરું મન છે. સુખ દુઃખ બધું એનું જ કારણ છે. નહિતર માનવી ફક્ત સંતોષકારી જીવન જીવવા જ જન્મ્યો છે. એનામાં સૌથી શ્રેષ્ઠ ગુણ જ પરોપકારનો અને સંતોષનો છે. આ અડવીતરું મન જ જંપીને નથી બેસતું. જેના થકી બધી પીડા ઉત્પન્ન થતી હોય છે. આપણી અંદર જે સાચું છે તેનો પ્રકાશ આપણાં સુધી નથી પહોંચવા દેતું. આપણે બસ મનને શાંત કરવાનું ભગીરથ કાર્ય કરવાનું છે. જો આપણાં મન અને મગજ ઉપર જો કાયમ માટે થોડોઘણો પણ કાબુ મેળવી લઈએ તો જીવન બદલાઈ શકે એમ છે. બધું જ સ્વ ઉપર નિર્ભર કરે છે. આપણે આપણી શક્તિ અને સમજણનો ઉપયોગ કઈ રીતે કરવો. કારણ કે આપણે આપણી શક્તિનો ઉપયોગ સમજણપૂર્વક ન કરીએ તો એ વેડફાઈ જતી હોય છે. તેથી આપણે આપણી જાતને મઠારવા માટે, આપણી અંદર રહેલી સાચી શક્તિને ઓળખવા માટે જ ઉપયોગ કરવો જોઈએ.

આપણે સૌ જન્મથી મૃત્યુની યાત્રા કરીએ તો છીએ પણ સત્ય ભાગ્યે જ સાંપડે છે. માણસ નામનું પ્રાણી પરાવલંબી રહ્યું. એણે સંતોષ મેળવવા માટે પણ બીજાનો સહારો લેવો પડે છે. વળી, આખું જીવન બીજાંને ખુશ રાખવાં મથ્યા કરે. બહાર આનંદ શોધવા જાતજાતની મથામણ કર્યા કરે છે. કારણ એ જ કે એમને પોતાની ખુશી એમાં જ જણાય છે. ભગવાને સૌ જીવમાં વધુ બુદ્ધિશાળી માણસ બનાવ્યો. અને ત્યારથી જ એ પોતાને સર્વ શક્તિમાન સમજવા લાગ્યો. અને સતત પોતાની જાતને દુનિયા સામે સાબિત કરવા મથવા લાગ્યો. જે વાસ્તવમાં ખોટું છે એને જ સત્ય સમજી જીવન વ્યતીત કરી દે છે. પણ સાચું જ્ઞાન એને થતું નથી. અને જ્યારે જ્ઞાત થાય ત્યાં તો અંત ઘડી ગણાવા માંડે છે.

બીજા પાસે આશા રાખવા કરતાં પોતાની જ આશા કેમ ના રાખીએ? ક્યારેય નિરાશ નહીં જ થઈએ! આપણે આપણી જાતને ખુશ રાખવાનું વચન આપવું જોઈએ એનાથી મોટું ગિફ્ટ આપણાં માટે આ દુનિયામાં કશું નથી! એથી ચોક્કસ જ એમ કહી શકાય કે, સ્વ સાથે સંવાદ શક્ય છે...!

જાત સાથે વાત કરી લઈએ! પોતાની સાથે જે મિત્રતા થાય છે ને તે મિત્રતા આજીવન અકબંધ રહે છે.

જરૂર છે તો ફક્ત એક જ... આપણામાંથી આપણને બહાર કાઢવાની! પછી જે આપણો પોતાની સાથે સંવાદ સર્જાય છે ને તે જોરદાર જ હોવાનો! ત્યારે જે આપણને આપણી અંદર રહેલો અવાજ સંભળાશે અને નિજ મંદિરમાંથી જે ઘંટારવ સંભળાશે એ જ અદભુત અને જીવનને બદલનાર સાબિત થશે.

સમજણ ને શક્તિ બેય ઝાંખા પડ્યાં,  
સત્ય ઉર સાથે અંતમાં અથડાયું ખરું.  
વળી, એમ હતું કે બીજા પાસે મળશે,  
તે. નિજ ભીતરથી ધીમેથી ડોકાયું ખરું.  
( પદ્માક્ષીબેન પટેલ પ્રાંજલ)

આ જીવાતા જીવન દરમિયાન સૌને પોતપોતાની જાત મળે એ જ શુભકામના!

**- કિંજલ પંડયા, પારડી**

## સમૃધ્ધ જીવન



બીજા કરતા વધારે સમૃદ્ધ બનીને જીવવામાં મજા નથી.

બીજાને દુઃખ પહોંચાડીને, બીજાને તકલીફ આપીને, છલ, કપટ, પ્રપંચ કરીને કોઈની પાસેથી કંઈ છીનવી લેવું, બીજાને મારીને જીવવું આજે તો એજ સર્વત્ર છે. આને જ જીવનકલહ કહે છે. આમાં જીવન ટકે છે. અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે. બસ! એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવનસાફલ્ય નથી. વરસાદના છાંટા પણ શીખવે છે કે જિંદગીની સૌથી અદભુત ક્ષણો પકડી શકાતી નથી. બસ! ફક્ત માણી શકાય છે. બોધદાયી આ નાની સરખી વાર્તા યાદ આવે છે.

એક ખૂબજ અમીર, જમીનદાર માણસ મૃત્યુ પામ્યો. રસ્તા પરથી તેની સ્મશાનયાત્રા પસાર થઈ રહી હતી ત્યારે, પાછળથી બૂમો પાડતો પાડતો એક માણસ દોડતો આવ્યો અને એણે કહ્યું, ઉભા રહો, મારે એ માણસને મળવું છે. સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. સૌએ વિચાર્યું કે કદાચ આ માણસ એમનો ચહેરો જોવા ઈચ્છતો હશે.સ્મશાનયાત્રા રોકી. નનામી નીચે ઉતારી, તેના ચહેરા પરથી કપડું હટાવ્યું. પહેલા માણસે તેના ચહેરા સામે જોઈને કહ્યું. ભાઈ સાહેબ! તમે મારી જમીન હડપ કરી હતી, મારી સાથે જબરજસ્તી કરી છીનવી લીધી હતી તે જમીન સાથે લઈને જાઓ છો? તે જમીનના દસ્તાવેજો લઈને જાઓ છો? મૃત્યુશૈયા પર પોઢેલા પિતાના ચારેય પુત્રો અને સ્મશાનયાત્રામાં જોડાયેલા તમામ લોકો આ દ્રશ્ય નિહાળીને આ?ર્યમાં પડી ગયા. કેટલું દર્દભર્યું આ દ્રશ્ય! જ્યારે આપણે આ દુનિયા છોડીને જઈએ ત્યારે આપણને પણ કોઈ આ રીતે ના રોકે...... તો ઘણું સારું. કોઈનો હક છીનવી લેવો, કોઈનું દિલ દુભાવવું, કોઈને દુઃખ પહોંચાડવું, કોઈનું ઘર ઉજાડવું.

એક પાઈનો પણ જવાબ તો આપવો જ પડશે. દોસ્તો! સ્મશાન યાત્રા તો એવી જવી જોઈએ કે, કોઈ યતીમ, કોઈ ગરીબ, કોઈ દુખિયારો, રડતાં રડતાં એમ કહે કે, આજ અમારો સહારો ચાલી ગયો. અમને સાથ આપવાવાળો ચાલી ગયો. અમારા દુઃખને હણનારો ચાલી ગયો. આ આ ગરીબોની નીકળતી દુઆ આ જીવનમાં અને મૃત્યુ પછી પણ બંને જગ્યાએ કામયાબી મેળવે છે. યાદ રહે! સમયની પાસે એટલો સમય નથી કે સાહેબ, સમય તમને બીજીવાર સમય આપે. જીવન જીવવું હોય તો દર્પણની માફક જીવીએ, જેમાં સ્વાગત સર્વનું પણ સંગ્રહ કોઈનો નહીં.

જિંદગી છોટી નહીં હોતી હૈ,  
લોગ જીના હી દેરીસે શુરુ કરતે હૈ.  
જબ રાસ્તે સમજમે આતા હૈ,  
તબ લોટને કા વક્ત હો જાતા હૈ.  
યહી હૈ જિંદગી.........

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## શ્રદ્ધા વગરનું શ્રાદ્ધ નકામું



માનવ જીવન કુદરત તરફથી મળેલ અમૂલ્ય અને અણમોલ ભેટ છે કહેવાય છે કે, ૮૪ લાખ યોનીમાં દરેક ધરતી માત્ર ઉપર જીવતા આત્માઓ જીવજંતુઓએ જન્મ મરણના ચક્રમાં ફરવું પડતું હોય છે. છેવટે માનવને મનુષ્ય યોનીમાં જન્મ મળતો હોય છે તેમાં પણ સારું કર્મ ખરાબ કર્મના અવનવા ગુણ પ્રમાણે જન્મ મળતો હોય છે એટલે સૃષ્ટિ ઉપરના આ કોઈપણ જીવો એ આ ઘટના ચક્રમાંથી અવશ્ય પસાર થવું પડતું હોય, મનુષ્ય જનમ કરેલા સારા પુણ્ય ભેગા કર્યા પછી મનુષ્ય તરીકે પૃથ્વી ઉપર જન્મ લઈને આવવાનો ચાન્સ-તક મળે છે.

સત્કર્મના ફળનું આ પરિણામ હોય છે. વારંવાર માનવ રૂપે અવતાર લેવાની તક મળતી નથી. શાસ્ત્રો પુરાણોમાં પણ આ ચક્રની ઘટનાનો સવિસ્તાર હકીકતો સુંદર માહિતીઓ વાંચવા મળે છે શ્રાવણ મહિનાનો પવિત્ર અવસર મળ્યો.

જપ, ધર્મ, ધ્યાન, ચિંતન, મનન અને ઉપવાસો કરી જન્મ દેનારા ભગવાનને એક મહિનાનો એક નિષ્ઠા અને શ્રદ્ધાથી ભજન-કીર્તન, પ્રભુ સ્મરણો તથા અને પુણ્યનો મોંઘુ મૂલ્ય મેળવ્યું અને જીવનમાં મળેલ ધન્ય અવસરનો ઉપયોગ સદવિચારો અને સદકાર્યોમાં કર્યા સમગ્ર શ્રાવણ માસ માણસ માત્ર ધ્યાન ભજન અને જપતા ઉપવાસમાં કરે છે અને વિધાતાને યાદ કરે છે. શ્રાવણનો પવિત્ર માસ પૂરો થઈ ગયો છે. ગણપતિના દિવસનો અવસર રંગેચંગે ઉજવાઈ ગયો અને હવે પછી ભાદરવાના શ્રાદ્ધના દિવસો શરૂ થયા પરિવારમાં મૃત્યુ પામેલા સ્વજનોની શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું ૧૬ દિવસ રાતના શરૂ થઈ ગયા છે. કોઈ પણ ઘર એવું ન હશે કે કુટુંબમાં કોઈનું મરણ ન થયું હશે. જન્મ અને મરણ નિશ્ચિત મનાયું છે સવારે ફૂલ ખીલે છે અને સાંજ પડતા જ કરમાઈ જાય છે.


કર્મ કુદરત નિર્મિત છે. મનુષ્ય પામેલા માનવી ઓની પ્રતિ વર્ષે સાધની આ વિધિ અવશ્ય કરવામાં આવતી હોય છે. દરેક ઋતુનો મહિમા હિન્દુ લોકો માટે અલગ અલગ મહત્વ આપી ગયો છે. ભાદરવા સુદ પૂનમ થી અમાસ સુધીના દિવસોને શ્રાદ્ધ પક્ષ કહેવાય છે. માણસ પોતાના સ્વજનોને આખી જિંદગી અવગણતો રહે છે. માનવ હયાત હોય ત્યારે તેમની સેવા કરવાની હોય છે. તેમાં પણ ક્યારે સ્નેહની જગ્યાએ તિરસ્કાર વરસાવતા હોય છે વકોડીયા હતા રહે છે.

એમનું મૃત્યુ થાય એટલે ઉદાસ અને ગંભીન બની જાય છે અને એના આત્માને સદગતિ મળે એના માટે પ્રાર્થના, ક્રિયાકાંડ બારમુ, તેરમુ, વરશી વગેરે કરી સારો એવો ખર્ચ કરી નાખે છે. જીવાત્માને ગતિ સદગતિ કે અવગતિ મળતી હશે એ તો રામ જાણે કલ્પનાનો વિષય છે.

શ્રાદ્ધના અનેક લાભ ગેરલાભ શાસ્ત્રોમાં વણવાયા છે. જે માનવ હયાત હોય છે ત્યારે તેની કેટલી કાળજી સેવાસ્વાજનો કરતા હોય તે તો તેઓ અને રામ જાણે. મનમાં સંતોષ ખાતર આવા ક્રિયા કાંડ કરવા પડે છે. બાકી આનો કોઈ અર્થ રહેતો નથી. છતાં શ્રદ્ધા વગરનો શ્રાદ્ધ નકામું નહીં નેવડે તે જોવું.

**- રાયસીંગ ડી. વળવી, ધરમપુર**

## પિતૃપક્ષ : પિતરો માટે કૃતજ્ઞતાનો અવસર!!



આપણાં પૂર્વજોએ આપના માટે જે પણ કંઈ કર્યું છે તેનું ઋણ ચૂકવવું અશક્ય છે પણ પિતૃપક્ષમાં શ્રાધ્ધ કરીને એમના પ્રત્યે કૃતજ્ઞતા કરી શકાય છે. હિંદુ શાસ્ત્રોમાં ખૂબ ઊંડાણથી અભ્યાસ કરીને આ શાસ્ત્રો અને વિધિ બનાવેલા હોય છે.

કળિયુગમાં મોટા ભાગના લોકો સાધના કરતા નથી. તેથી માયામાં પુષ્કળ જકડાઈ જાય છે. મૃત્યુ પછી એવી વ્યક્તિઓના લિંગદેહ અતૃપ્ત રહે છે અને તે મર્ત્યલોકમાં અટવાય છે. મર્ત્ય લોક એ ભૂલોક અને ભુવલોકની વચ્ચે હોય છે. એ લોકના સ્વામી શ્રી દત્તાત્રેય ભગવાન છે. એ પૂર્વજોની ઈચ્છા.આકાંક્ષા શ્રાધ્ધવિધિ દ્વારા પૂર્ણ કરીને તેમને આગળની ગતિ પ્રાપ્ત કરાવી આપવી આ શ્રાદ્ધ પાછળનો પ્રમુખ હેતુ હોય છે.શ્રાદ્ધમાં જે મંત્ર બોલવામાં આવે છે કે હવિર્ભગ આપવામાં આવે છે, તેનાથી એમને આગળ જવા માટેની સૂક્ષ્મ શક્તિ મળે છે. તેમની સદગતિ થાય છે.તેઓ વંશજોને આશીર્વાદ આપે છે. જે પિતરોને તિલોદક તર્પણ કે શ્રાદ્ધ નથી મળતું તેઓ દુઃખી થઈને પાછા જતા રહે છે અને કુટુંબીજનોને ત્રાસ આપે છે. તેથી વાર્ષિક શ્રાદ્ધની સાથેજ મહાલય શ્રાદ્ધ કરવું આવશ્યક છે. કોઈ કારણસર શ્રાદ્ધ ન કરી શકાય તો આમાન્ન શ્રાદ્ધ કરવું. એટલે પિતૃપક્ષ ની એ તિથિ પર બ્રાહ્મણને ભોજન સામગ્રી આપવી.તે પણ શક્ય ન હોય તો હિરણ્ય શ્રાદ્ધ કરવું.એટલે બ્રાહ્મણને યથાશક્તિ દાન કરવું અથવા ગોશાળા માં ગોગ્રાસ માટે ધન આપવું. એ પણ શક્ય ન થાય તો અધ્યાત્મ પ્રસાર કરતી આધ્યાત્મિક સંસ્થાને દાન આપી શકાય છે.

પિતૃપક્ષમાં પૂર્વજોને સદગતિ આપનાર દત્ત ભગવાનનો રોજે વધારેમાં વધારે ॥ શ્રી.ગુરુદેવ દત્ત ॥ એવો નામજપ કરવો.એમના ચરણે -ાર્થના કરવી. પુત્રનો અર્થ છે, ॥ પુ નામ નરકાત ત્રાયતે ઈતિ પુત્રઃ॥ પિતૃપક્ષમાં દરેક પુત્રએ કૃતજ્ઞતા પૂર્વક આ વિધિ કરવી જોઈએ. અને પૂર્વજોના આશર્વાદ પ્રાપ્ત કરી તેમનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરવું જોઈએ.

**-શીલા દાતાર, અમદાવાદ**

## ચાલો આપણે પરસ્પરનું સન્માન કરીએ



દરેક મનુષ્યને જેમાં આનંદની ભૂખ હોય છે તેમ સન્માનની પણ ભૂખ હોય છે આપણને સન્માન ગમે છે તેમ બીજાને પણ સન્માન ગમે છે. અપમાન કોઈને ગમતું નથી. પોતાનું અપમાન થાય તેવું કરવું નહીં અને કોઈનો અપમાન કરવું નહીં. દરેક મનુષ્યની અંદર પોતાનો એક સ્વ હોય છે અને તે પોતાના સ્વ નું સન્માન સાચવવા પ્રયત્ન કરતો હોય છે આપણે આપણા સ્વ નું ધ્યાન રાખીએ સ્વ નું અને અન્યના સ્વ નું સન્માન કરવું. એ ખૂબ જ મોટી માનવતા છે. તેથી તો મોઢા માણસો કહે છે કે, સન્માન થી જીવતા શીખો અને સમાનના ભોગે કાંઈ સ્વીકારવું નહીં.

મનુષ્ય જન્મની મહાનતા અને દિવ્યતા દરેક ધર્મગ્રંથ ગાઈ છે. મનુષ્યના મનુષ્ય પણ આને ઓળખવું અને તેનો સન્માન કરવું એટલે મનુષ્યતા આપણી મનુષ્યતા આપણે ચકાસી લેવાની દરેક મનુષ્ય પરસ્પરનું સન્માન કરતા મનુષ્યત્વ ખીલી નીકળે અને સંસાર શોભે ઊઠે છે. હું તારું સન્માન કરું તું મારું સન્માન કર કેવી મજાની વાત છે.

જે ઘરના સભ્યો ઘરના વડીલોનું સન્માન કરે અને વડીલો સંતાનોનું સન્માન કરે તે ઘરમાં હંમેશા આનંદ સુખ અને સમૃદ્ધિ આવતા રહે છે જે ઘરમાં પુરુષો સ્ત્રીઓનું અને સ્ત્રીઓ પુરુષોનો આદર સત્કાર કરે તે ઘરમાં દેવતાઓ રમતા હોય છે.

જ્યાં પરસ્પર અપમાન થાય ત્યાં નરક ના જેવું જીવન હોય છે. અપમાન સર્વ પ્રગતિને અવરોધો છે જ્યારે સન્માન સર્વ પ્રગતિને વેગ આપે છે. અપમાન થી જીવનનો હાથમાં થાય છે અને સન્માન થી જીવનનું પ્રાપ્ત થાય છે પ્રત્યેક મનુષ્યમાં સન્માનનો ગુણ કેળવાયેલો હોવો જોઈએ સમાનતા સંસ્કારની કેળવણી મા-બાપના હાથે શરૂ થવી જોઈએ અને વિદ્યાલયોમાં તેનો ઉછેર થવો જોઈએ.


જ્યાં માણસો ભેગા મળીને કાર્ય કરે છે અથવા માણસ માણસ સાથે કાર્ય કરે છે ત્યાં પરસ્પરના સન્માનના સંસ્કાર અવશ્ય હોવા જોઈએ. સન્માનપૂર્ણ વાતાવરણમાં માણસને કાર્ય કરવાની પ્રેરણા મળે છે ઉત્સાહ વધે છે અને ઊર્જા પ્રાપ્ત થાય છે. પરસ્પર સહકાર આપે ત્યારે સારું પરિણામમાં પ્રાપ્ત થાય છે અનુકૂળ વાતાવરણમાં જવાબદારી પૂર્વક સહિયારુ સર્જન થાય ત્યારે તેનો અનેરો આનંદ હોય છે.

મેનેજમેન્ટના સિદ્ધાંતનો માનવ સંબંધો પર વિશેષ ભાર મૂકે છે. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ વચ્ચે ઊંચા સંબંધો હોય તો ઉત્પાદન વધુ અને ગુણવત્તાનું પ્રાપ્ત થાય છે. માનવ સંબંધોને તંદુરસ્ત હોવા ખૂબ જ જરૂરી છે. તંદુરસ્ત માનવ સંબંધો હકારાત્મક ઊર્જા અને તંદુરસ્ત વાતાવરણનું સર્જન કરે છે. તંદુરસ્ત વાતાવરણમાં માનવ તનાવ મુક્ત રહીને કાર્ય કરે છે. તંદુરસ્ત માનવ સંબંધો ઉષ્મા ભર્યું વાતાવરણ સર્જે છે તે કર્મચારીનો ઉત્સાહ વધારે છે. સહકારની ભાવના વધારે છે.

યજુર્વેદ ૨૧ મા અધ્યાયના ત્રીજા મંત્રમાં પરસ્પરનું સન્માન કરવાનું કહે છે અને દુર્ગુણોનો ત્યાગ કરે પરસ્પરના મિત્ર બનવાનું જણાવે છે. કોઈપણ મનુષ્ય વિદ્વાન અપમાન ન કરે કોઈપણ વિદ્વાન વિદ્યાર્થીઓનો તિરસ્કાર ન કરે.

પરસ્પરના સન્માનનો બોધ માનવ સૃષ્ટિના અંતિમ માનવ સુધી લઈ જવા માટે શિક્ષણ સિવાય બીજું કયું માધ્યમ હોઈ શકે પરસ્પરનું સન્માન કરવાના મંત્રને ચરિતાર્થ કરવા માટે જ્ઞાન સિવાય બીજું ક્યુ માધ્યમ હોઈ શકે. શાળાના મેનેજમેન્ટ આચાર્ય શિક્ષકો બિન શૈક્ષણિક કર્મચારીઓ વાલીઓ તથા નાગરિકો અને સરકારને આ વિષય પર ચિંતન કરવા ભલામણ છે. **-હર્ષદ દેસાઈ, વટાર**

## ઈચ્છાઓ



ઈચ્છાઓ પૂરી કરવા માટે આપણે બધા રાત દિવસ અને પ્રયાસો કરીએ છીએ છતાં પણ આપણી ઈચ્છાઓ પૂર્ણ થતી નથી જ્યારે આવું થાય છે. ત્યારે આપણે બધા હતા સુદાસ અને નિરાશ થઈ જતા હોય છે. ખરેખર આપણે બધાએ આપણા મન ઉપર નિયંત્રણ રાખવા કરવાની ખૂબ જ જરૂર છે. ઈચ્છાઓનો મૂળભૂત કારણ આપણા મનનું છે. જો આપણે મનને સમજાવવા કરવાનો પ્રયાસ કરીશું ત્યારે આપણા જીવનમાં ઈચ્છાઓ ઉપર નિયંત્રણ જરૂર આવશે કે, જેમાં શંકા ને કોઈ સ્થાન નથી. દરેક લોકો દરેક ચીજ વસ્તુઓ ઉપર ઈચ્છાઓ આકાંક્ષાઓ અપેક્ષાઓ આશાઓ રાખતા જ હોય છે. આજના આ વર્તમાન કાળમાં રહીને માનવીએ પોતાના જીવનમાં રહીને સમજણ કેળવવાની ખૂબ જ જરૂર છે. જેથી આપણને જે મળ્યું છે. તેમાં સંતોષ મળી રહે અને અણધારી ઈચ્છાઓ થી દૂર રહેવા પ્રયાસ કરી શકીએ.

આપણને જીવનમાં બધાને અનેક પ્રકારની ઈચ્છાઓ થાય છે જ્યાં સુધી ઈચ્છાઓ પૂરી ન થાય ત્યાં સુધી આપણે દોડતા જ રહીએ છીએ. ખરેખર એક રીતે આપણે બધા જોઈએ કરીએ તો કોઈને ગાડી લેવાની ઈચ્છા થાય છે, કોઈને ઘર લેવાની ઈચ્છા થાય છે, કોઈને ખાવા પીવાની ઈચ્છા થાય છે કોઈપણ ઈચ્છાઓને આપણે છોડી કરી શકતા નથી એટલે જ આપણે બધા હેરાન પરેશાન અને દુઃખી થતા હોઈએ છીએ. ઈશ્વરે આપણને જે કાંઈ પણ આપ્યું છે. તેમાં આપણે સંતોષ માનીને રહીએ ત્યારે જ આપણે બધા સુખી સંપન્ન જરૂર થઈશું. જેમાં શંકા ને કોઈ સ્થાન નથી. **- જયેશ જી. થાનકી, વાપી.**

## વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે



૨૫ સપ્ટેમ્બર, આ દિવસે વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે ઉજવાય છે. ફાર્માસિસ્ટ એટલે કે દવા અને દવા માં નિષ્ણાંત છે અને દવા સાથે જોડાયેલા કેન્દ્રોમાં કામ કરે છે. સરળ ભાષામાં કહું તો દવાઓ બનાવીને આપવામાં માટે જેને તાલીમ આપવામાં આવે છે. તેવા માણસો ફાર્માસિસ્ટ છે. આમાં કામ કરવા વાળા ને દવાઓ વિશે, તેના પ્રભાવ વિશે, તેની ગતિશીલતા વિશે, જાણકારી હોય, ઉપચારોની જાણકારી હોય, અને રોગોની જાણકારી હોય છે. આજે તબીબી ક્ષેત્રે ફાર્માસિસ્ટનો ખૂબ મોટું યોગદાન છે. એટલે તમે સમજી શકો કે ફાર્માસિસ્ટ દરદીની સંભાળ લેવાની સાથે મેડિકલ ટીમ સાથે પણ જોડાયેલા છે, એ વાત કહીએ તો ખોટું નથી. ફાર્માસિસ્ટ ડે ત્યારથી ઉજવાય છે. જ્યારે ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટિકલ ફેડરેશને ૨૦૦૯ માં વર્લ્ડ કોંગ્રેસ ઓફ ફાર્મસી એન્ડ ફાર્માસ્યુટિકલ સાયન્સની એક મિટિંગમાં તુર્કી મુકામે વિશ્વ ફાર્માસિસ્ટ ડે ઉજવવા માટે પોતાનો મત આપ્યો તે વર્ષથી વલ્ડ ફાર્માસિસ્ટ ડે ઉજવાય છે. જેનો મુખ્ય હેતુ ફાર્મસી સાથે જોડાયેલા લોકોને પ્રોત્સાહન તેમના પ્રત્યેનો આદર દર્શાવવાનો છે. આજે આધુનિક જીવનશૈલીમાં લોકોની તંદુરસ્તી માટે એમની ભૂમિકા મહત્વની છે. તમે કોરોના કાળમાં જોયું જ છે. વિશ્વભરના ફાર્માસિસ્ટોએ કોરોના મહામારીમાં પોતાના જીવની પરવા કર્યા વગર લોકોના જીવ બચાવ્યા. તમે એ જાણો છો કે રસીકરણ પણ આ ક્ષેત્રમાં કામ કરવા વાળાને પહેલા મૂકવામાં આવ્યા. એ કહેવું ખોટું નથી કે તેઓએ દેવદૂત બની લોકો માટે મદદ ઉતર્યા હતા. અને પછી આપણા ગામડા ગામમાં દર્દીને પહેલા ફાર્માસિસ્ટ દવા આપે છે પછી તેને હોસ્પિટલ ખસેડવામા આવે છે. તેઓ યોગ્ય દવાઓ આપી તેઓના જીવના જોખમને હળવું કરે છે. ફાર્મસી દવાઓની શોધ તેનું નિર્માણ, તેનું વિતરણ, તેની કિંમત, તેનો નિયંત્રણ આ બધા કામો સાથે જોડાયેલા છે વર્લ્ડ ફાર્માસિસ્ટેના દિવસે દરેક ફાર્માસિસ્ટને ખૂબ ખૂબ શુભેચ્છા અને અભિનંદન

**-જ્યોતિ યુ.પંડયા, અતુલ**

## ભ્રષ્ટાચારના ભીંસમાં ભીંસાતી પ્રજા...!



છેલ્લા થોડા સમયથી જે રીતે અને જે હદે સમાચારપત્રો અને અન્ય પ્રસાર માધ્યમો થકી ભ્રષ્ટાચારના જે સમાચારો અને વિગતો જાણવા મળી રહી છે ત્યારે વાત હવે બે, પાંચ કે સાત કરોડના આંખો ફાડી નાખતા ગઈ કાલના સમાચારની નથી, વાત બસો પાંચસો કે સાતસો કરોડની સાથે બે પાંચ હજાર કરોડ કે તેથી વધુના ભ્રષ્ટાચારની બહાર આવે છે ત્યારે દિમાગ ચકરાવે ચડી જાય છે. વાત માત્ર આર્થિક વ્યવહાર પુરતી નથી. સામાજિક અને રાજકારણ હોય, આરોગ્ય કે શિક્ષણ ક્ષેત્ર હોય, માર્ગ કે મકાન વિભાગ હોય, સરકારી તંત્રનું મહેસૂલ ખાતું હોય, અરે જનસામાન્યને માટે તેમના કલ્યાણ સાથે સંકળાયેલ ક્ષેત્રે પણ જે? હદે ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે ત્યારે થાય છે કે? આ ભ્રષ્ટાચાર થકી થતા વ્યવહારની અડધી રકમ પણ જો પ્રજા કલ્યાણ માટે વપરાય તો આ દેશને? સરળતાથી આત્મનિર્ભર બનાવી શકાય. તાજેતરમાં જ પ્રકાશિત થયેલ ભ્રષ્ટાચારના બે કેસ વિષે જાણીએ તો દેશના આર્થિક વિકાસમાં જેમનું વિશેષ યોગદાન છે એવા નોકરીયાત વર્ગના ભવિષ્યની સુરક્ષા તથા સ્વાસ્થ્ય સુવિધા માટે એ ગરીબ નોકરીયાતોના પગારમાંથી તથા તેમના નાના મોટા ઉદ્યોગોના માલિકોની કંપનીના યોગદાન થકી ઉમદા આશયથી ચલાવવામાં આવતા પ્રોવિડન્ટ ફંડ વિભાગ અને ઈએસઆઈ જેવા વિભાગોમાં ઉચ્ચસ્તરે બિરાજમાન કમિશ્નર કક્ષાના અધિકારીઓ પાંચ લાખ અને ત્રણ લાખ રુપિયાની લાંચ સરેઆમ લેતા પકડાય ત્યારે આ બાબત અત્યંત ચોંકાવનારી છે, આઘાતજનક પણ છે. કારણ કે આ બંન્ને તંત્રના અધિકારીઓ પેલા જનસામાન્યના પરિશ્રમ અને પરસેવાના જમા થયેલ પૈસા થકી એમની ખુરશી પર બેસી લાખો રુપિયાનો પગાર લીધા પછી આવો ભ્રષ્ટાચાર કરતા હોય એ જ મોટો પુરાવો છે. પોતાના પી.એફ. ના પૈસા મેળવવા નોકરીયાતોને જે તકલીફ અને ત્રાસ વેઠવો પડે છે, જાડી ચામડીના કેટલાક અધિકારીઓના જ અપમાન ભર્યા વર્તનનો ત્રાસ વેઠવો પડે છે તે માટે મીડીયાએ જાતે પી.એફ. ઓફીસ કે ઈએસઆઈસી ના કાઉન્ટર પર કતારમાં કલાકો સુધી ઉભા રહ્યા પછી પણ અસંતોષ ભર્યા વ્યવહારની વેદના જાણવા પ્રયત્ન કરવા રહ્યા.

વ્યાપારિક ક્ષેત્રે થતી ટેક્ષ ચોરીના, બોગસ બીલીગના કરોડો રૂપિયાના દાખલા, સરકારી જમીન પરના અતિક્રમણ, ખાદ્યપદાર્થોમાં થતી બેસૂમાર ભેળસેળ, નકલી ખાદ્ય પદાર્થોનું વેચાણ, ગેરકાયદેસર થતાં બાંધકામ, કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા અપાતી હજારો અવિતરીત સાયકલોના ભંગારમાં પરિણમેલા ઢગલા ભ્રષ્ટાચારના ભોરીંગના ભયાવહ ચહેરાને ખુલ્લો કરવા પુરતા છે. નવા બંધાતા પુલો, ઓવર બ્રીજની તૂટી પડવાની બેસૂમાર ઘટનાઓ, ધોવાઈ જતા ખખડધજ રસ્તાઓના ખાડાને કારણે થતા ઘાતક અકસ્માતોનો ભોગ જનસામાન્ય જ તો બને છે. બેફામ લેવાતા ટોલ ટેક્ષ પછીય રસ્તાની હાલત જે હદે તૂટીભૂટીને બિસ્માર જોવા મળે છે એ ભ્રષ્ટાચારનો જીવંત પુરાવો છે. પ્રીમોનસૂન સફાઈના નામે નગરપાલિકા દ્વારા ખર્ચાતા કરોડો રૂપિયા, વહેંચાતા અને વેચાતા ટેન્ડરોમાં થતી ગોલમાલ વિશે કહેવાની જરૂર લાગતી નથી. આ પૈસા ગરીબોએ ચૂકવેલા કરમાંથી સરકારને પ્રાપ્ત થાય છે જે જનસામાન્યની સુવિધાઓ માટે છે. સમયમર્યાદા સાથે અપાયેલા કોન્ટ્રાક્ટ સમય વિત્યા પછી પુરા કરાતા નથી. વર્ષોથી મંથર ગતિએ ચાલી રહેલા ઓવરબ્રિજના વિલંબિત કામો થકી પ્રજાને જે હાલાકીનો સામનો કરવો પડે છે તે બાબત જવાબદાર તંત્ર જાણે ઊંઘતું જણાય છે. ટ્રાફિક સમસ્યા વાપી વિસ્તારમાં હવે લોકોને કોઠે પડી ગઈ હોય એવું લાગે છે. વેડફાતો સમય, વેડફાતુ ઈંધણ, વેડફાતા માનવ કલાકો વિષે જ્યાં સુધી તંત્ર અને જનપ્રતિનિધિઓ જાગ્રત નહીં થાય, કુંભકર્ણની નિંદ્રા માણતા હશે, તો આત્મનિર્ભર ભારત બનાવવાનું આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સમણું ક્યારે સાકારિત થશે, ખબર નથી.

બસ પ્રજાએ તો ભ્રષ્ટાચારના ભોરીંગના ભારેખમ અને ભયાવહ ભીંસમાં ભીંસાતા રહેવું જ રહ્યું, ચૂપચાપ, લાચાર થઈને, વિવશ થઈને....!

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન...!

**- લાયન કિરીટ શાહ, ઉદવાડા**

## ધર્મનો દેખાડો

ધર્મનો દેખાડો ચારે કોર, વધતો જાય છે,  
ધર્મના નામે સતત બસ, શોર વધતો જાય છે..!  
ધર્મ પ્રત્યે અંધતાનું, આજ બસ દેખાય દર્શન,  
એક તરફ પુજા, પછી મૂર્તિ રઝળતી જાય છે...!  
મસ્તકે જેને ચઢાવી, ધામધૂમથી લાવીયા,  
ને કર્યા પુજા ને અર્ચન, ભોગ ખૂબ ચઢાવીયા..!  
ધામધૂમથી કર્યું વિસર્જન, કેટલાય ઉમંગ સાથે,  
કિચડમાં આજે એ મૂર્તિ, રઝળતી દેખાય છે..!  
આજ શું છે ધર્મ, ને શું આજ આપણો ભાવ છે.?  
દેવ પ્રત્યે આપણો શું, આવો બસ દુર્ભાવ છે..?  
છે અનાદર ખૂલ્લો એનો, જેને પૂજ્યા આપણે,  
આપણે તો માનવી, અજંપો ક્યાં કંઈ થાય છે..!  
માફ કરજે દેવા સહુને, ધર્મ ના સમજી શક્યા,  
આવકારો ખૂબ દિધો, પણ માન જાળવી ના શક્યા,  
ભૂલ થઈ છે હા સરાસર, એય આજ કબૂલ છે,  
માંગીએ તારી ક્ષમા, કર માફ, ભૂલ સમજાય છે..!

(રઝળતી મૂર્તિઓ જોયા પછી જાણે અજાણ્યે થયેલ અવહેલના કે અનાદરના કારણે અનુભવેલ સંવેદના)

**- કિરીટ શાહ**

**દમણગંગા ટાઈમ્સ**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરુવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

**- સંપાદક**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9825122505,9558820014

# વાપીના મામલતદાર કચેરીમાં યોજાયેલ સ્વાગત કાર્યક્રમમાં ૧૫ અરજીઓનો સ્થળ પર જ નિકાલ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** વાપી મામલતદાર કચેરી ખાતે આયોજિત સ્વાગત કાર્યક્રમમાં ૧૫ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો.

વાપી મામલતદાર કચેરી ખાતે વાપી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં વાપી ગ્રામ્ય તથા વાપી શહેરનો તાલુકા કક્ષાનો

**વાપી નગર પાલિકા હદ વિસ્તારની તમામ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા જવાબદારોને હુકમ કરાયો**

સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ સ્વાગત કાર્યક્રમમાં કુલ ૧૫ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.વાપી મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી ડિવિઝનના DySP બી. એન. દવે, મામલતદાર, ડેપ્યુટી મામલતદાર વીજય ગઢવીની ઉપસ્થિતિમાં સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં ગ્રામ્ય તથા વાપી શહેરના અરજદારોએ પોતાની અરજી કરી હતી. જેમાં તમામ સરકારી કચેરીને લગતા જેમ કે, વાપી નગરપાલિકા, વાપી સીટી સર્વેની ઓફિસ, મામલતદાર કચેરી, DGVCL અને અન્ય સરકારી કચેરીઓના પ્રશ્નો હતાં. જે તમામ અરજીઓ પૈકી ૧૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ અરજીઓમાં વાપી નગરપાલિકાનાં તમામ વોર્ડમાં અમુક સ્ટ્રીટ લાઈટો બંધ છે તે ચાલુ કરવાની માંગ સાથેની અરજી વાપી શહેર યુથ કોંગ્રેસપ્રમુખ વરુણ સિંગ ઠાકુરે કરી હતી. જે અરજીનો પણ ૧૫ દિવસમાં નિરાકરણ લાવવાની ખાતરી અપાઈ હતી.

# વાપીના કુંતાથી પરિણીતા ગુમ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૫ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના કુંતા વડોલી ફળિયા, હિતેશભાઈની ચાલ, રૂમ નં. બી-૭ ખાતે રહેતા (મૂળ રહે. - મિર્ઝા નગર, થાના - મહુવા, જિ - વૈશાલી, બિહાર) ૨૪ વર્ષીય સ્વાતીકુમારી સતીશકુમાર સિંહ તા.૦૯-૦૯-૨૦૨૪ના રોજ સવારે ૭-૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કશે જતા રહ્યા હતા. તેમની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરતા પણ કશે મળી આવ્યા નથી અને આજદિન સુધી ઘરે પરત ફર્યા નથી. ગુમ સ્વાતી ઘઉંવર્ણ, પાતળો બાંધો અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે પીન્ક કલરનો સલવાર સુટ પહેરેલો હતો. તેમણે ધો - ૧૧ સુધી અભ્યાસ કર્યો છે. તેઓ હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશને ફોન નં. ૦૨૬૦૨૪૬૧૧૦૦ અને મો.નં.૮૦૦૦૦૩૦૪૦૪૯ નો સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગોકુલ વિહાર ટાઉનશિપમાં સિનિયર સિટીઝન કાર્ડ યોજનાનો લાભ અપાવવા કેમ્પનું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૫ :** વાપી વિસ્તારમાં નામી ગણાતી એવી ગોકુલ વિહાર ટાઉનશિપ ખાતે આવેલ કલબ હાઉસ ખાતે આસપાસની વિવિધ સોસાયટી વિસ્તારના ૬૦ થી ઉપરની ઉંમરના સીનીયર સીટીઝન્સને સરકારની વિવિધ યોજનાનો લાભ મળી રહે તે માટે સિનિયર સિટીઝન કાર્ડ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો.

ગોકુલ વિહારનાં સેક્રેટરી અને રુદેય ચેરીટેબલ ટ્રસ્ટનાં કાર્યકારી પ્રમુખ એવા બિપીનભાઈ દેસાઈની આગેવાનીમાં આસપાસની વિધિધ સોસાયટીના કુલ ૧૧૯ વડીલોને સિનિયર સિટીઝન કાર્ડ બનાવી લાભાનવિત કરવા માટે કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

હાલમાં ચલીરહેલ પવિત્ર પિત્રૂ તર્પણ પર્વ એવા શ્રાદ્ધ પર્વ નિમિત્તે અને ભાજપ દ્વારા ચાલી રહેલા સેવા પખવાડિયા અભીયાનને ધ્યાને રાખી વિશિષ્ટ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. સાથે હાલમાં ચાલી રહેલ ભાજપ પ્રાથમિક સદસ્યતા અભિયાનની કામગીરીને પણ સાથે સાંકડી લેવામાં આવી. આ ઉમદા સેવા પ્રવૃત્તિમાં રુદેય સંસ્થા દ્વારા ફોર્મ લાવવા, સ્ટેમ્પ ટિકિટ, રજીસ્ટ્રેશન જેવી જરૂરી પ્રક્રિયા હાથ ધરી મામલતદાર કચેરી ખાતે તમામ ફોર્મ જમાં કરવામાં આવ્યા હતા.

સેવાભાવિ કાર્યકરો બિપીનભાઈ દેસાઈ પ્રમુખ રુદેય ટ્રષ્ટ અને ગોકુલ વિહાર. અમીબેન પંડ્યા સેક્રેટરી ટ્રસ્ટી રુદેય ટ્રસ્ટ રાહુલ જેસ્વાલ સક્રિય યુવા કર્યકર સત્યેન પંડ્યા ટ્રસ્ટી તેમજ સ્થાનીક સિનિયર કલબનાં કાર્યકરો, સાનિધ્ય પરીવારનાં સભ્યો, અને રહીશો સહભાગી બન્યા હતા.

# ચલામાં રાહદારીનો પડી ગયેલો મોબાઈલ ફોન પોલીસકર્મીએ મૂળ માલિકને પરત કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** વાપીના ચલા ડાભેલ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ધરમભાઇ આહીરને એક રાહદારીનો પડી ગયેલો મોબાઈલ ફોન મળતા તેઓએ તાત્કાલિક મૂળ માલિકને શોધી પરત કરાયો.

પ્રાપ્ત વિગત મુજબ આજે વાપીના ચલા ખાતે આવેલ વિર્નસ હાઈટસમાં રહેતા કિરીટભાઈ ઉર્ફે કનુભાઈ વશી પોતાના મોપેડ ઉપરથી વાપી ડાભેલ મુખ્ય માર્ગ ઉપરથી જઇ રહ્યા હતા તે દરમ્યાન તેમનો કીમતી મોબાઈલ ફોન પડી જવા પામ્યો હતો. જે મોબાઈલ ફોન



ડાભલ ચેકપોસ્ટથી આગળ વાપી ટાઉન પોલીસ મથક દ્વારા બનાવવામાં આવેલ વાહન ચેકિંગ માટે સ્થળ ઉપર ફરજ બજાવતા ધરમભાઇ આહીરને આ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આથી તાત્કાલિક ધરમભાઇ આહિરે મોબાઈલ ફોનના સ્ક્રીન ઉપર કનુભાઈ વશીનો ફોટો તેમજ સંર્પક કરી તેઓને તેમનો આ મોબાઈલ ફોન પરત આપ્યો હતો. જેને લઇ કનુભાઇ વશી ખૂબ જ ખુશ થઈ જવા પામ્યા હતા જ્યારે વાપી ટાઉન પોલીસ મથકના કોન્સ્ટેબલ ધરમભાઇ આહીરનો તેઓએ આભાર માન્યો હતો. જો કે આજે પણ અનેક પોલીસ કર્મચારીઓ તેમજ નાગરિકો તેમને મળેલ કિંમતી ચિજવસ્તુઓ તેમના મૂળ માલિકને પરત કરે છે જે સરાહનીય કાર્ય છે.

# વાપીના ઝંડા ચોક પર લગાવેલ બેરીકેટ ખુલ્લા કરવા સ્થાનિકોની માંગ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** વાપી ઝંડાચોક વિસ્તારમાં ROB ના ઠપ્પ કામકાજમાં ફેલાયેલી ગંદકીથી રોગચાળો ફાટવાની દહેશત, PWDને વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રીની આગેવાનીમાં સ્થાનિક લોકો અને વેપારીઓએ આવેદનપત્ર આવેદનપત્ર આપી તાત્કાલિક સમસ્યા દૂર કરવાની માંગ કરી છે.

વાપીમાં બની રહેલા ૧૪૪ કરોડના ROB, RUB નું કામકાજ છેલ્લા કેટલાક મહિનાઓથી ઠપ્પ પડ્યું છે. વાપીના આ ઝંડા ચોક વિસ્તારમાં ઠપ્પ કામગીરીના સ્થળે PWD ના અધિકારીઓએ બેરિકેડ ગોઠવી દીધા છે. જેને કારણે અહીં ગંદકીના ઢગ ખડકાયા છે. જે આવનારા સમયમાં હટાવવામાં નહિ આવે તો, રોગચાળો ફાટવાની દહેશત સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોમાં ઉદભવી છે. જેના બેરિકેડની અંદર કચરો એકત્ર થતો રહ્યો છે. જે આસપાસના રહીશોને માટે ભારે સમસ્યા

**જુના ફાટકથી ઝંડાચોક સુધીના મુખ્ય માર્ગ ઉપર રેલવે અન્ડરબ્રીજ અને ઓવરબ્રીજ માટે ખોદવામાં આવેલા ખાડામાં ગંદકી અને કચરાને લઈ રોગચાળો ફાટી નિકળવાની શક્યતાથી સ્થાનિકોમાં ભયનો માહોલ**

સર્જી રહ્યું છે. હાલમાં ઘણા નાના મોટા સાપ નીકળી રહ્યા છે. માખી, મચ્છરનો ત્રાસ વધ્યો છે. અસહ્ય દુર્ગંધ માથું ફાડી રહી છે. આ કચરાથી રોગચાળો ફાટવાની દહેશત ઉભી થઇ છે.

ઉપરાંત ઉંડપી હોટેલવાળી ગલીમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. ગંદકી અને કચરાને કારણે આ સ્થળ પર કેટલાક તત્વો દારૂ પીવા, જુગાર રમવા પણ આવતા હોય આવા તત્વો અહીં જ પેશાબ પણ કરતા હોય આવી બદીઓ પણ વધી છે.

ત્યારે અહીં બેરીકેડ લગાવી ગંદકી ઘર બનાવવા પર રોક લગાવી બેરીકેડ હટાવવા તેમજ તાત્કાલિક નિવારણ માટે બેરિકેડ ખોલી સફાઈ કરવી જરૂરી હોય એ અંગે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ફરહાન ભાઈ બોગા અને સ્થાનિક દુકાનદારોએ PWD ની વાપી કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું છે.

આ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, વાપી ઝંડા ચોક વિસ્તારમાં રેલ્વે ઓવરબ્રિજનું કામ માટે PWD દ્વારા બેરિકેડ લગાવવામાં આવ્યા હતા. પણ હાલ કામકાજ બંધ હોવાથી ROBના નીચેથી જે અંડરપાસ આપવામાં આવવાનો છે. એની ઉપરથી પણ વાહનોની અવર જવર થાય એવી વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી. ઉલ્લેખનીય છે કે, હાલમાં સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વાપી ટાઉન વિસ્તારમાં પાલિકા દ્વારા વિવિધ સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે, સ્વચ્છતા બાબતે સ્વચ્છ કચેરીનું સર્ટિફિકેટ મેળવનાર PWDના અધિકારીઓ ઝંડાચોકના આ વિસ્તારમાં સ્વચ્છતાને -ાધાન્ય આપે એ પણ એટલું જ જરૂરી છે. રોગચાળાની દહેશતવાળા ગંદકીથી ખદબદતા આ દુર્ગંધયુક્ત કચરાની સમસ્યામાંથી પ્રજાને નિજાત અપાવતી પહેલ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

# ચણોદની સિદ્ધાનાથ પબ્લિક સ્કૂલના ચેરમેનનો જન્મ દિવસ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૫ :** વાપી નજીકના ચણોદ ગામે આવેલ સિદ્ધનાથ પબ્લિક સ્કૂલનાં ચેરમેન ભીમરાવ રૂપનરજીનો આજે તા. ૨૫-૯-૨૦૨૪ ના દિવસે જન્મ દિવસ હોય તેમના મિત્રો અને શુભેચ્છકો સામૂહિક એકત્ર થઈ તેમની સ્કૂલ પર જઈને જન્મદિવસની શુભકામનાઓ આપવામાં આવી હતી. આ કાર્યકમમાં તેમના ધર્મપત્ની રેખાબેન રૂપનર પણ ઉપસ્થિત રહ્યાં હતા સાથે વાપી તથા ચણોદ ના અગ્રણી તેમજ ભાજપ આર્થિક સેલનાં જીલ્લા સંયોજક મહેશભાઈ ભટ્ટ, ચણોદ ગામ પંચાયતનાં સભ્ય જીતેશ ભાઈ પટેલ, સિદ્ધિ વિનાયક કેશ - ક્રેડિટ સોસાયટી લી.નાં ચેરમેન ઉદયસિંહ ઘોરપડે, કમલ સિંહ રાજપૂત, હાભપ અવિનાશ મહારાજ, રમાકાંત કાલે, રાજકુમાર સુડકે, વાલ્મીકિ કોલી, રામચંદ્ર ગડદે, પ્રદીપ મઢેકર, દાદા પીસાલ, ચંદ્રકાંત ફાલે, ક્ષીત્રીજ ભાલે વિગેરે ઉપસ્થિત રહેલ, શુભેચ્છા આપવા આવી હતી અને ત્યારબાદ કેક કાપી શુભેચ્છકોને મોહ મીઠું કરાવ્યું હતું

# વાપીની રોફેલ બીબીએ-બીસીએ કોલેજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** વાપીના જીઆઈડીસી છરવાડા રોડ ઉપર આવેલ રોફેલ BBA-BCA કોલેજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને કોલેજ અને ટ્રસ્ટી મંડળ દ્વારા પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરાયા હતા.

વાપીના છરવાડા રોડ પર આવેલ રોફેલ BBA-BCA કોલેજનો પ્રોત્સાહન ૨૦૨૪ ઈનામ વિતરણ કાર્યક્રમ નામધા રોફેલ કોલેજ કેમ્પસ પાસે આવેલ નગરપાલિકાના શ્રી પદ્મભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ હોલમાં આયોજિત આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા કલેકટર સહિત કોલેજના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જેઓના હસ્તે કોલેજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી સહિતના ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અભ્યાસ સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના વિકાસ માટે કોલેજમાં રમતગમત, ચિત્ર, સંગીત, નાટક, અભિનય ગીત, કવીઝ અને વક્તૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં કોલેજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓ ને સન્માનિત કરવા રોફેલ BBA-BCA કોલેજનો પ્રોત્સાહન ૨૦૨૪ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના કલેકટર નૈમેશ દવે મુખ્ય મહેમાન, કોલેજના ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો તેમજ રોફેલ બીબીએ-બીસીએ કોલેજના આચાર્ય ડૉ. પ્રિયકાન્ત વેદના હસ્તે વિદ્યાર્થીઓ ને ટ્રોફી, પ્રશસ્તિ પત્ર સહિતના ઈનામ વિતરણ કરવામાં આવ્યાં હતા.

આ કાર્યક્રમમાં આચાર્યશ દ્વારા કોલેજના આખા વર્ષનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ સાંસ્કૃતિક સહિત ગરબા, રાસ, પિરામિડ, નાટકમાં વિદ્યાર્થીઓના અભિનય અને તેમના રંગબેરંગી પોષાકે મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતાં. રોફેલ બીબીએ-બીસીએ કોલેજના આચાર્ય ડૉ. પ્રિયકાંત વેદ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના કો- ઓર્ડીનેટર અને સ્વયંસેવક વિદ્યાર્થીઓ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, રોફેલ BBA-BCA કોલેજમાં ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે પૈકી ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ એ અભ્યાસ સિવાયની પ્રવૃત્તિમાં ભાગ લઈ પોતાનું કૌવત બતાવ્યું હતું. તેમજ રાજ્યભરમાં કોલેજનું નામ રોશન કર્યું હોય એ તમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

## પૂર્વ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે

# વાપીની શ્રી જૈન યુવક મંડળ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા વર્કશોપ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** સંસ્કૃતિ સહોદય દક્ષિણ ગુજરાત સંકુલ ના હેઠળ શ્રી જૈન યુવક મંડળ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, વાપી તા. ૨૧/૦૯/૨૪, શનિવારના રોજ જાદુઈ પિટારા- ધ મેજિક ઓફ પ્લે ઈન અર્લી એજ એન્ડ હોલિસ્ટીક પ્રોગ્રેસ કાર્ડ - ફાઉનડેશનલ યર્સ વર્કશોપ આયોજિત કરાયો હતો જેમાં શિક્ષકોને હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ, રચનાત્મક વિચારસરણી સાથે કૌશલ્ય વર્ધન માટે તાલીમ યજમાન શાળાના કોર્ડીનેટર મૃણાલ પટેલ અને આઇ.ટી. વિભાગ અધ્યક્ષ જેસલ શાહ દ્વારા આપવામાં આવેલ હતી, જેમાં



૧૫ સી. બી.એસ. ઈ. શાળાઓમાંથી ૩૦ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો અને સાથે યજમાન શાળાના શિક્ષકો જોડાયા હતાં.

તાલીમ દરમિયાન શાળાના સેક્રેટરી ચંદ્રેશભાઈ શાહે પ્રેરક હાજરી આપી સૌને પ્રોત્સાહિત કર્યા હતાં તથા આચાર્યા શ્રદ્ધાબેન દેસાઈ દ્વારા પ્રેરક ઉદ્બોધન કરવામાં આવેલ હતું. સમગ્ર પ્રકલ્પને સફળ બનાવવા શાળાના શિક્ષકો એ જહેમત ઊઠાવી હતી.

# વટારમાં એસ. એસ.બી.ડી.દેસાઈ હાઈ.માં વાલીઓની મીટીંગ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી,તા.૨૫:** એસ.એસ.બી .ડી. દેસાઈ હાઈસ્કુલ, વટારમાં તારીખ ૧૪/૯/૨૦૨૪ ના રોજ પ્રથમ સત્રાંત વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાલી મિટિંગમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીમિત્રો તેમજ શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ તેમજ શાળાના આચાર્ય ડો. નિખિલભાઇ કે. પટેલ શાળામાં ઉપસ્થિત રહ્યાં હતા.

શાળાના આચાર્યા ડો. નિખિલભાઇ કે. પટેલે ઉપસ્થિત વાલીઓને બાળકોના સર્વાંગીણ વિકાસ માટે વાલીઓએ સતત જાગ્રત રહી શાળાના સંપર્કમાં રહેવું જોઈએ એ વિષય પર વિશેષ વક્તવ્ય આપ્યું તેમજ બાળકોના શાળા સમય પછીના અભ્યાસ પર તેમના માતા પિતા કઈ રીતે ધ્યાન આપી શકે છે તે માટેના જરૂરી સૂચનો પૂરા પાડ્યા હતા. શાળાના સુપરવાઇઝર રીટાબેન પટેલે બોર્ડના વિદ્યાર્થીઓ માટે વાલીઓએ કેટલું સજાગ રહેવું પડશે એ વિશેષ સમજૂતી વાલીગણને પૂરી પાડી હતી.વાલી મીટીંગ સમગ્ર સંચાલન શાળાની શિક્ષિકા કાજલબેન હળપતિએ કર્યું હતું. તેમજ શાળાના અન્ય શિક્ષકો પણ વાલી મીટીંગને સફળ બનાવવા માટે સહભાગી થયા હતા. શાળાના ચેરમેન કિશોરભાઈ દેસાઈ વાલી મિટિંગમાં ઉપસ્થિત થયેલા તમામ વાલીઓને આભાર માન્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 26, September 2024


## નવી શ્વેત ક્રાંતિનાં મંડાણ

દૂધ ઉત્પાદન ક્ષેત્રે સુધારા માટે કેન્દ્ર સરકારે મોટી પહેલ કરી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે શ્વેત ક્રાંતિના બીજા ચરણની યોજના જાહેર કરી છે, જેનું મુખ્ય લક્ષ્ય મહિલા ખેડૂતોનું સશક્તીકરણ અને રોજગારના અવસર પેદા કરવાનું છે. આ કાર્યક્રમમાં ચાર મુખ્ય પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે - મહિલા ખેડૂતોને સશક્ત બનાવવી, સ્થાનિક સ્તર પર દૂધ ઉત્પાદન વધારવું, ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવું તથા દૂધ ઉત્પાદનોની નિકાસ વધારવી. અમિત શાહે રેખાંકિત કર્યું કે દૂધ ઉત્પાદન ક્ષેત્રે સૌથી વધુ મહિલાઓ કાર્યરત છે. આ મહિલાઓ માત્ર ગુજરાતમાં જ ૬૦ હજાર કરોડ રૂપિયાનો કારોબાર પેદા કરે છે. શ્વેત ક્રાંતિના બીજા ચરણમાં આગામી પાંચ વર્ષોમાં દૂધ સહકારી સંસ્થાઓ દ્વારા દૂધ ખરીદીમાં ૫૦ ટકાના વધારાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારત દુનિયાનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે. ૨૦૨૨-૨૩માં દેશમાં ૨૩૦.૫૮ મિલિયન ટન દૂધનું ઉત્પાદન થયું હતું. વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દૂધ ક્ષેત્રની કમાણીમાં ૧૩-૧૪ ટકાના ઉત્સાહજનક વૃદ્ધિની આશા છે. આ ક્ષેત્રમાં માંગમાં મજબૂતી બનેલી છે અને દૂધના પૂરવઠામાં પણ બહેતરી જોવા મળે છે. જે પ્રકારે પાંચ દાયકા પહેલાં 'ઓપરેશન ફ્લડ'નો આધાર સહકારિતા સંસ્થાઓ બની હતી અને દેશમાં શ્વેત ક્રાંતિ આવી હતી, એ જ પ્રકારે નવી યોજનામાં પણ આ સંસ્થાઓની મુખ્ય ભૂમિકા રહેશે. 'ઓપરેશન ફ્લડ'ની શરૂઆત ૧૯૭૦માં કરવામાં આવી હતી, જેણે દૂધ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન કર્યું હતું. દૂધની માંગ અને પૂરવઠામાં વૃદ્ધિને ગતિ આપવા માટે દૂધ ખરીદીનો દાયરો વધારવા, દૂધ પ્રસંસ્કરણ ક્ષમતામાં વધારો અને વિતરણ નેટવર્કને વિસ્તાર આપવા માટે રોકાણ અને મૂડી ઉપલબ્ધતાને બહેતર બનાવવાની જરૂર છે. આ મામલે અમિત શાહ દ્વારા પશુપાલકો માટે રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવા તથા ડેરી સહકારિતા સોસાયટીઓમાં એટીએમ મશીનની સુવિધા આપવાની જાહેરાતથી ભારે મદદ મળી શકે છે. સાથે જ ૬૭,૯૩૦ પેક્સ સોસાયટીઓનું કમ્પ્યૂટરાઈઝેશન પણ થશે. એક લાખ નવી અને જૂની સહકારી સંસ્થાઓની રચના વધુ મજબૂત કરવી આ યોજનાનું એક ઉલ્લેખનીય પાસું છે. રાષ્ટ્રીય દૂધ વિકાસ બોર્ડ શરૂઆતમાં એખ હજાર બહુઉદ્દેશીય પેક્સને પ્રતિ સોસાયટી ૪૦ હજાર રૂપિયા ઉપલબ્ધ કરાવશે જેથી તેમને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે દૂધ માર્ગો સાતે જોડી શકાય. આ પ્રયાસોથી નાણાંની ઉપલબ્ધતા પણ વદશે અને વધુને વધુ ખેડૂતોને સહકારી સંરચના સાથે જોડી પણ શકાશે. સ્વાભાવિક રૂપે તેનાથી મહિલા ખેડૂતોની આવક વધશે અને ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારની તકો ઊભી થશે. આશા છે કે લગભગ ૧૩ કરોડ ખેડૂત સીધી રીતે એનાથી લાભાન્વિત થશે.

### જમ્મુ-કાશ્મીરમાં રેલીને રાહુલ ગાંધીએ સંબોધિત કરી

# અમે કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપીશું: રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૨૫: જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં પ્રચાર માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જમ્મુ પહોંચ્યા છે. જ્યાં તેમણે કેન્દ્ર સરકાર પર રોજગાર સહિત અનેક મુદ્દાઓના આક્ષેપો કર્યા હતા.

રેલીને સંબોધિત કરતાં કહ્યું હતું કે, 'તમારી સાથે અન્યાય થયો છે, તમારી લોકશાહી છીનવી લેવામાં આવી છે. આ રાજ્ય સ્થાનિક લોકોથી નહીં, પરંતુ બહારના લોકો ચલાવી રહ્યા છે. રાજ્યનો અધિકાર છીનવી લઈ તેને કેન્દ્રશાસિત બનાવી દેવામાં આવ્યો છે.'

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, 'ભાજપે તમને રાજ્યનો દરજ્જો આપ્યો નથી, તો અમે તમને રાજ્યનો દરજ્જો આપવા માટે તનતોડ મહેનત કરીશું. કારણકે, તે તમારો હક છે. તેના વિના તમે જમ્મુ-કાશ્મીરનું સપનું જોઈ શકશો નહીં, યુવાનોને રોજગારી મળશે નહીં. જ્યાં સુધી અહીં લેફ્ટનન્ટ ગવર્નર છે, ત્યાં સુધી બધું કામ બહારના લોકોને મળશે અને તે લોકો ઈચ્છે છે કે, જમ્મુમાં સ્થાનિક લોકોનું નહીં પરંતુ બહારના લોકોનું ચાલે.'

કાશ્મીરમાં વેપાર-ધંધાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, 'જમ્મુ અહીંનું સેન્ટ્રલ હબ છે જે કાશ્મીરના બિઝનેસ અને ઉત્પાદનને સમગ્ર દેશ સાથે જોડે છે. પરંતુ ભાજપ સરકારે આ સેન્ટ્રલ હબની ભૂમિકા નષ્ટ કરી દીધી છે. અહીંના એમએસએમઈ અને આંત્રપ્રિન્યોરને પાંગળા કરી દીધા છે. જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરના એમએસએમઈ આત્મનિર્ભર નહીં બને ત્યાં સુધી અહીં રોજગાર સર્જન થશે નહીં. અમારી સરકાર બનશે, તો નાના ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપીશું.'

રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે વિચાર્યું હતું કે ચૂંટણી પહેલા તમને તમારો રાજ્યનો દરજ્જો પાછો મળી જશે. તે સાચો રસ્તો હતો, પરંતુ હવે અમે ઈચ્છીએ છીએ કે તમને તમારા લોકતાંત્રિક અધિકારો વહેલામાં વહેલી તકે મળે. ભારતના ઈતિહાસમાં આવું પહેલાં ક્યારેય બન્યું નથી. આ કોઈની સાથે ન થવું જોઈએ, જમ્મુ અને કાશ્મીરમાં અમારી સરકાર બનશે કે તરત જ અમે તમને રાજ્યનો દરજ્જો આપીશું. GST એ એક હથિયાર છે જેના વડે જમ્મુ અને કાશ્મીરના નાના અને મધ્યમ ઉદ્યોગો પર હુમલો કરવામાં આવ્યો હતો. સત્ય એ છે કે નોટબંધી અને ખોટા ય્જી્એ ભારતમાં લાખો બિઝનેસને બરબાદ કરી દીધા હતા.'

# હિઝબુલ્લા લેબેનોનમાં ઘરોમાં મિસાઈલો છુપાવે છે: IDF

(સંપૂર્ણ સમાચાર સેવા)

બૈરુત, તા.૨૫: મધ્ય પૂર્વના દેશો લેબનોન અને ઈઝરાયેલ ૧૮ વર્ષ બાદ ફરી એકવાર સામસામે આવી ગયા છે. લેબનોનના સંગઠન હિઝબુલ્લાના સતત હુમલાના જવાબમાં ઈઝરાયેલે હવે હવાઈ હુમલા શરૂ કર્યા છે. સોમવારે ઈઝરાયેલ એર ડિફેન્સ ફોર્સ (ૈંડ્ઢહ્લ)એ લેબનોનમાં હિઝબુલ્લાહની લગભગ ૧૬૦૦ જગ્યાઓ પર બોંબમારો કરતાં સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઈ ગયું છે. મંગળવારે પણ ઈઝરાયેલ તરફથી ડઝનબંધ મિસાઈલો અને રોકેટ છોડવામાં આવ્યા હતા. લેબનોનના સ્વાસ્થ્યમંત્રી ફિરાસ અબિયાદના જણાવ્યા અનુસાર હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૫૫૮ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૫૦ બાળકો અને ૯૪ મહિલાઓનો સમાવેશ થાય છે. હુમલા દરમિયાન માર્યા ગયેલા મોટાભાગના લોકો તેમના ઘરમાં નિઃશસ્ત્ર હતા. ઈઝરાયેલના હુમલામાં ઘાયલોની સંખ્યા પણ ૨ હજારની નજીક પહોંચી ગઈ છે. સમાચાર એજન્સી એએફપીના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૧૮૩૫ લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ લેબેનોનના લોકોને જણાવ્યું છે કે ઈઝરાયેલનું યુદ્ધ લેબનોનમાં હિઝબુલ્લા સાથે છે. તેથી લોકો આ યુદ્ધથી દૂર રહે. ઈઝરાયેલના હવાઈ હુમલા બાદ લેબનોને બુધવાર સુધી તમામ શાળા અને કોલેજો બંધ કરી દીધી છે. બજારો અને જાહેર સ્થળો પણ બંધ છે. લોકોને સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. ઈઝરાયેલે આ ઓપરેશનને 'નોર્ધન એરોઝ' નામ આપ્યું છે. ઈઝરાયલની સેના ૈંડ્ઢહ્લનો દાવો છે કે હિઝબુલ્લા દક્ષિણ લેબેનોનમાં ઘરોમાં મિસાઈલો છુપાવે છે અને તેમનો ઉપયોગ ઈઝરાયેલ વિરુદ્ધ કરવામાં આવે છે. આ તાજા હુમલા પછી, હિઝબુલ્લાએ મંગળવારે કહ્યું હતું કે તેના ૧૮૦ શસ્ત્રો અને માનવરહિત હવાઈ યાન ઈઝરાયેલના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા અને ઈઝરાયેલી સૈન્ય મથકને નિશાન બનાવ્યું હતું. જેના કારણે હૈફા શહેરમાં લોકોને પોતાનો જીવ બચાવવા સુરક્ષિત સ્થળોએ ભાગી જવાની ફરજ પડી હતી. તે જ સમયે, ઈઝરાયેલી સેનાએ પણ લેબનોન તરફથી હુમલાની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું હતું કે મંગળવારે સવારે ૧૦ મિનિટથી પણ ઓછા સમયમાં ઉત્તર ઈઝરાયેલમાં ૫૦થી વધુ શેલ છોડવામાં આવ્યા હતા.

# UNSCમાં સુધારાના પ્રસ્તાવને વૈશ્વિક નેતાઓની સંમતિ

## ભારતે સલામતી સમિતીમાં સુધારાની પહેલને 'શુભ શરૂઆત' ગણાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂયોર્ક, તા.૨૫: સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતીમાં સુધારાની ભારત સહિતના દેશોની વર્ષોની માગ ધીરે ધીરે ફળીભૂત થાય તેવી સંભાવનાઓ સર્જાઈ છે. તાજેતરમાં યોજાયેલી સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં પ્રથમવાર સલામતી સમિતીમાં સુધારા અંગેનો વિગતવાર ઉલ્લેખ કરાયો છે. સંયુક્ત રાષ્ટ્રના દસ્તાવેજમાં સલામતી સમિતીમાં સુધારા અંગેના વિગતવાર ફકરાના સમાવેશને ભારતે 'શુભ શરૂઆત' તરીકે ગણાવી છે. ભારતે આ મામલે નિશ્ચિત સમયમર્યાદામાં વાટાઘાટો શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી છે. યુએનમાં એકત્ર થયેલાં વૈશ્વિક નેતાઓએ રવિવારે, સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા કરી તેને વધુ સમાવેશક, પારદર્શક, અસરકારક, લોકતાંત્રિક, જવાબદાર અને વધુ પ્રતિનિધત્વ આધારીત બનાવવા અંગેની 'પેક્ટ ઓફ ફ્યુચર'ને સર્વસંમતિથી સ્વીકારી હતી. યુએનના અધિકારીઓએ 'પેક્ટ ઓફ ફ્યુચર'ને સિક્યુરિટી કાઉન્સિલના વર્ષોથી વિલંબિત સુધારા તરીકે ગણાવી હતી. આ અંગે એક સવાલના જવાબમાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, યુએનની સમિટમાં પ્રથમવાર સલામતી સમિતીના સુધારા અંગેના વિગતવાર ફકરાનો સમાવેશ કરાયો છે. તેમાં આપણે વિચારીએ છીએ અથવા તો આપણે ઈચ્છીએ છીએ તે તમામ વિગતો કદાચ ના હોય પરંતુ આ એક સારી શરૂઆત છે. અત્યાર સુધી આ સ્તરની મંત્રણાઓમાં આપણે ક્યારેય નક્કર ચર્ચા થઈ હોય તેવું નહોતું જોયું, જોકે આ વખતે તે દિશામાં મહત્વનું પગલું ભરાયું છે, જે અત્યંત હકારાત્મક બાબત છે. યુએનમાં યોજાયેલી વૈશ્વિક નેતાઓની બેઠકમાં આળિકાને અત્યાર સુધી થયેલાં ઐતિહાસિક અન્યાયને દૂર કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સર્વસંમતિ સધાઈ હતી. આ ઉપરાંત તેમાં સિક્યુરિટી કાઉન્સિલનું વિસ્તરણ કરી તેમાં વધુ દેશોના પ્રતિનિધિઓને સામેલ કરવા પણ સહમતિ સધાઈ હતી. અમેરિકાની ત્રણ દિવસની સફળ મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સાંજે નવી દિલ્હી પરત ફર્યા હતાં. પોતાની ત્રણ દિવસની યાત્રા દરમિયાન પીએમ મોદીએ વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી તેમને ભારતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું. પ્રવાસ દરમિયાન તેમણે ક્વોડ બેઠકમાં ભાગ લેવા ઉપરાંત અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનના વડાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. હાલમાં ચાલી રહેલાં યુક્રેન-રશિયા અને ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચેના જંગ વચ્ચે પીએમ મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી તથા પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મેહમુદ અબ્બાસને મળી વૈશ્વિક શાંતિમાં ભારતની વધતી ભૂમિકાનો સંકેત આપ્યો હતો.

### દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે

# ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં શરૂ થશે

## મુસાફરોની સુવિધા માટે ૨૦૦૦ કરોડના ખર્ચે ૭.૭ કિમી લાંબી એર ટ્રેન સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫: ભારતની પ્રથમ એર ટ્રેન સેવા ટૂંક સમયમાં દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. આ ડ્રાઈવર વિનાની ટ્રેન મુસાફરોને વિવિધ ટર્મિનલ, પાર્કિંગ અને મેટ્રો સ્ટેશન પર લઈ જશે. દેશની પ્રથમ એર ટ્રેન સેવા દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શરૂ થશે. એર ટ્રેન એ મેટ્રો જેવી ડ્રાઈવર વિનાની ટ્રેન છે. હાલના એરપોર્ટ પરના ત્રણ ટર્મિનલ વચ્ચે જવા માટે, મુસાફરોએ બસ પકડવા માટે બસ સેવાનો ઉપયોગ કરવો પડતો હતો અથવા ફ્લાઈટમાં ઉતર્યા પછી અન્ય વિસ્તારોમાં કેબનો ઉપયોગ કરવો પડતો હતો. આ ખૂબ જ સમય માંગી લે તેવું કાર્ય છે. આવી સ્થિતિમાં મુસાફરોની સુવિધા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૭.૭ કિલોમીટર લાંબી એર ટ્રેન સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૨૭માં આ સિસ્ટમ શરૂ થતાં હાલની બસ સેવા બંધ થઈ જશે. આ પણ અન્ય મેટ્રો રેલની જેમ છે. તેમાં મર્યાદિત સંખ્યામાં કમ્પાર્ટમેન્ટ્સ છે. પાટા પર ચાલે છે. ડ્રાઈવર વિનાની આ ટ્રેન પૂર્વ-નિર્ધારિત ટ્રેક પર એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. જમીનની નીચે કે ઉપર પુલ પર ચાલવાને કારણે અવરજવરમાં કોઈ અડચણ નથી. ઝડપી મુસાફરી શક્ય છે. આનો ઉપયોગ અન્ય ટર્મિનલ્સ, પાર્કિંગની જગ્યાઓ, કેબ પિકઅપ પોઈન્ટ્સ, હોટલ વગેરે સુધી પહોંચવા માટે થઈ શકે છે.

# પૂર્ણ બહુમતથી મહાયુતિ સરકાર બનશે: એકનાથ શિંદે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૫: મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષોએ પોતાની તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી વચ્ચેના ગઠબંધન મહાયુતીમાં બેઠક વહેંચણી અંગે ચર્ચાઓનો દોર પણ શરૂ થઈ ગયો છે. જો કે, હાલ આ ગઠબંધન સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે મહાયુતિનો મુખ્યમંત્રી પદનો ચહેરો કોણ હશે? ગઠબંધનના ત્રણેય પક્ષો સીએમ પદ માટે દાવો કરી ચૂક્યા છે. ઉપરાંત આ બાબતે ગઠબંધનમાં કેટલાક મતભેદો પણ જણાઈ રહ્યા છે. હવે બુધવારે (૨૫ સપ્ટેમ્બર) મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સાથી પક્ષો પર આડકતરી રીતે પ્રહાર કરતાં કહ્યું કે, 'મને શું મળશે? એ મહત્ત્વપૂર્ણ નથી, આપણે એ વિચારવા માટે છીએ કે મહારાષ્ટ્રની જનતાને શું મળશે.'

એકનાથ શિંદેએ સીએમ પદ અંગે વાત કરતાં કહ્યું કે, 'અન્ય લોકો મારી ખુરશી-મારી ખુરશીની વાતો કરે છે, ખુરશી કેટલા દિવસ રહે છે? મુદ્દો ખુરશીનો નથી. આપણે ટીમ બનીને કામ કર્યું છે, ટીમ બનીને જ કામ કરીશું અને મહારાષ્ટ્રમાં પૂર્ણ બહુમતથી મહાયુતિ સરકાર બનાવીશું.'

સીએમ શિંદેએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે, 'હું કાલે પણ કાર્યકર્તા તરીકે કામ કરતો હતો, આજે પણ કાર્યકર્તા તરીકે કામ કરી રહ્યો છું. અને ભવિષ્યમાં પણ કાર્યકર્તા બનીને કામ કરતો રહીશ. મેં ક્યારેય નહીં વિચાર્યું કે અમને શું મળશે. આજે જનતાની ઈચ્છાથી સીએમની ખુરશી મળી છે. લોકો મહાયુતીને જ બહુમત આપશે અને અમે ટીમ બનીને કામ કરીશું.' આ દરમિયાન તેમણે ઉદ્ધવ ઠાકરે પર પ્રહાર કરતા કહ્યું કે, અમે દિલ્હી કંઈક લાવવા માટે જઈએ છે, મહારાષ્ટ્રના વિકાસ માટે જઈએ છે. અમે એ માટે નથી જતા કે મને મુખ્યમંત્રી બનાવો, મને મુખ્યમંત્રી બનાવો. કેન્દ્રમાં અને રાજ્યમાં એક જ વિચારની સરકાર હોય તો લાભ થાય છે. અમારી સરકાર બન્યા બાદ અહીં ઘણાં પ્રોજેક્ટ આવ્યા છે, ઘણી ઈન્ડસ્ટ્રીઓ શરૂ થઈ છે.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૨માં એકનાથ શિંદેએ શિવસેનામાં બળવો કરી ભાજપ સાથે સરકાર બનાવી હતી. ત્યાર બાદ અજિત પવાર પણ એનસીપીમાં બળવો કરી આ ગઠબંધનમાં જોડાયા હતા.

### રૂા. ૩૦૦ કરોડનાં ખર્ચે ૫૦૦૦ વૃધ્ધો રહી શકે એ માટેનું

# રાજકોટમાં વિશ્વનું સૌથી મોટું, નિશુલ્ક સદભાવના વૃધ્ધાશ્રમ આકાર લેશે





**અમદાવાદ તા. ૨૫ :** રાજકોટ-જામનગર હાઈવે ઉપર રામપર ખાતે 'માતૃદેવો ભવ પિતૃદેવો ભવ'ની ભાવના ચરિતાર્થ કરવા માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના સેવાભાવી અને દાનવીર લોકોના સહયોગથી ભારતનાં સૌથી મોટાં 'સદભાવના વૃધ્ધાશ્રમ'ના નવા પરિસરનું ૩૦ એકર જગ્યામાં નિર્માણ થવા જઈ રહ્યું છે. આ વૃધ્ધાશ્રમ બનાવવાનો ખર્ચ અંદાજે રૂ. ૩૦૦ કરોડ છે. જેમાં ૧૧ માળના ૭ નવા બિલ્ડિંગમાં ૫૦૦૦ નિરાધાર, પથારીવશ, બીમાર વડીલો માટે ૧૪૦૦ રૂમ તૈયાર કરવામાં આવશે. આ સંદર્ભે રાજકોટમાં ૨૩ નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી મોરારી બાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે અમદાવાદમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેલા કેટલાંક પત્રકાર મિત્રોએ માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના આ સેવાકીય ભગીરથ કાર્યમાં ફુલ નહી તો ફુલની પાંદડી સ્વામી પરમ પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજીને અર્પણ કરી હતી. આ ખૂબ જ પ્રસંશનીય અને અભૂતપૂર્વ ઘટના છે તેમ સ્વામીજીએ ભેટ સ્વીકારતી વખતે આશીર્વચન સ્વરૂપે જણાવ્યું હતું.

